# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૦

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશીઃ કુંડલા

સંપાદકઃ બ્ર હરિલાલ જૈનઃ સોનગઢ

વર્ષ ૨૩
ચૈત્ર


અંક ૬
૨૪૯૨




સોનગઢ–જિનમંદિરની રજતજયંતિ પ્રસંગે
જિનમંદિરના શિખર ઉપર નુતન ધ્વજારોહણનું એક દૃશ્ય
( વીર સં. ૨૪૯૨ ફાગણ શુદ બીજ )


૨૭૦

# રજતજયંતિની રથયાત્રા



સોનગઢમાં ફાગણ સુદ બીજે સીમંધરપ્રભુની પધરામણીની રજતજયંતિ પ્રસંગે ભવ્ય રથયાત્રા નીકળી...ત્યારે સીમંધરભગવાનના રથના સારથિ તરીકે जिनका ભક્ત कानजी બેઠેલા છે તેનું એક દૃશ્ય. ભોપાલ અને ઉજ્જૈનમાં પણ જિનરથના સારથી તરીકે તેઓ બેઠા હતા. આ દૃશ્ય જોતાં કુંદકુંદપ્રભુની વાણી યાદ આવે છે કે

**"ચિન્મૂર્તિ મનરથ-પંથમાં વિદ્યા-રથારૂઢ ઘૂમતો,**

**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો."**

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

# સર્વજ્ઞની પ્રતીત અને ધર્મ

આત્માનું ભાન કરી તેમાં લીનતા પ્રગટ કરી, જેમણે બાહ્ય ને અભ્યંતર પરિગ્રહ છોડયો, તથા શુક્લધ્યાનની શ્રેણી વડે ચાર ઘાતીકર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાનાદિ પ્રગટ કર્યા એવા સર્વજ્ઞદેવ પરમાત્માના વચન સત્યધર્મનું નિરૂપણ કરનાર છે. આવા સર્વજ્ઞને ઓળખે ત્યાં આત્માના જ્ઞાનસ્વભાવની પ્રતીત થાય, ને ત્યારે ધર્મની શરૂઆત થાય. સર્વજ્ઞતાની પ્રતીત જે નથી કરતો તેને આત્માની જ પ્રતીત નથી, ધર્મની જ પ્રતીત નથી, તેને શાસ્ત્રકાર 'महापापी अथवा अभव्य" કહે છે.

સર્વજ્ઞના સ્વરૂપમાં જેને સંદેહ છે, સર્વજ્ઞની વાણીમાં જેને સંદેહ છે, સર્વજ્ઞદેવ સિવાય બીજા કોઈ સત્ય ધર્મના પ્રણેતા નથી એમ જે ઓળખતો નથી ને વિપરીત માર્ગમાં દોડે છે તે જીવ મહાપાપી છે;–આમ કહીને ધર્મના જિજ્ઞાસુને સૌથી પહેલાં સર્વજ્ઞની અને સર્વજ્ઞના માર્ગની ઓળખાણ કરવાનું કહ્યું.

અરે, તું જ્ઞાનની પ્રતીત વગર ધર્મ ક્યાં કરીશ ? રાગમાં ઊભો રહીને સર્વજ્ઞની પ્રતીત થતી નથી; રાગથી જુદો પડીને, જ્ઞાનરૂપ થઈને સર્વજ્ઞની પ્રતીત થાય છે. આવા સર્વજ્ઞની ને જ્ઞાનસ્વભાવની ઓળખાણ કરીને તેમના વચન અનુસાર ધર્મની પ્રવૃત્તિ થાય છે. સમકિતીનાં જે વચન છે તે પણ સર્વજ્ઞઅનુસાર છે કેમકે તેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા છે.

# બધી ચિન્તા છોડીને નિશ્ચિંતપણે ચૈતન્યને ચિન્તવ

( તારા આત્માને એક ક્ષણ તો ચિન્તવ,
અરે ! વર્તમાન અડધી ક્ષણ તો ચિંતવ )

રે ચૈતન્ય હંસ ! સ્વ–પરનો વિવેક કરીને, તું સમસ્ત ચિન્તાને છોડીને, નિશ્ચિન્ત થઈને, પરમ પદમાં તારા ચિત્તને જોડ.

રે જીવ ! માંડ આવો મનુષ્ય અવતાર અને જન્મમરણ ટાળવાનો અવસર મળ્યો છે, તો સંસારની સમસ્ત ચિન્તા છોડીને તારા ચિત્તને અંતરમાં વાળ, ને અંતરમાં તારૂં નિજપદ પરમ આનંદથી ભરેલું છે તેમાં તારા ચિત્તને સ્થિર કર. ચૈતન્યસ્વરૂપમાં ચિત્તને જોડતાં જે સુખ થાય છે તે સુખ જગતમાં બીજે ક્યાંય નથી; ઇન્દ્રપદમાંય જે સુખ નથી તે સુખ ચૈતન્યના અનુભવમાં ધર્માત્માને છે.

જુઓ ભાઈ, આત્માને સુખ થાય એવી વાત તો આ છે. આ આત્મા પરદ્રવ્યથી જુદો, ને પરભાવની ઉપાધિ વગરનો, પોતે જ જ્ઞાન ને આનંદથી ભરેલો, એમાં બીજી ચિન્તા કેવી ? અરે, તારા ચૈતન્યને ભૂલીને તું પારકી ચિન્તામાં પડયો ? પણ એમાં તારૂં શું પ્રયોજન છે ? તારી સ્વ વસ્તુનું માહાત્મ્ય જાણીને એને તું સેવ. સ્વ તત્ત્વનું સેવન કર ! અનાદિથી કરોડિયાની જાળ જેવી ચિન્તાજાળમાં તું અટવાયો, ને દુઃખી થયો, હવે તો પરની ચિન્તા છોડીને સુખના રસ્તા લે. નિશ્ચિંત થઈને નિરંજન પરમ તત્ત્વને ધ્યાનમાં લે. અંતરમાં તારો આત્મા નિરંજન દેવ છે, તેમાં પરની ચિન્તાનો પ્રવેશ નથી.

આવા નિજ શુદ્ધાત્માને ધ્યાવતાં જે અતીન્દ્રિય આનંદ થાય છે તે સુખ ત્રણ લોકમાં બીજે ક્યાંય નથી; કરોડો દેવી સાથે રમનારા ઇન્દ્રને પણ તે વૈભવમાં સુખ નથી, પરદ્રવ્યના અનુરાગમાં તો આકુળતા છે–દુઃખ છે. આરાધવા યોગ્ય તો સ્વદ્રવ્ય જ છે. આવા આત્માને ઓળખીને પહેલાં નિર્ણય કર...ને પછી બીજી ચિન્તાઓ છોડીને નિશ્ચિંતપણે આત્માને ધ્યાવતાં તને સમ્યગ્દર્શન થશે, તેમાં તેને અપૂર્વ શાંતિ ને આનંદ થશે. જ્ઞાનદર્શનમય નિજ શુદ્ધાત્માના અનુભવમાં અનંત સુખ છે.

અરે, સુખ તારા આત્મામાં...તેની સામે તું જોતો નથી;

ને પરની ચિન્તામાં દુખ છે.....ત્યાં તું દોડીને જાય છે. સન્તો કહે છે–ભાઈ, એ પરની ચિન્તાથી તું પાછો વળ ને આનંદના ધામ એવા તારા આત્માને તું નિશ્ચિંતપણે ચિંતવ.

આત્માના વખાણ સાંભળવા માત્રથી એનો સ્વાદ આવે નહિ, પણ પોતે અંતરમાં એ આત્માને ધ્યાવે તો એનો સાક્ષાત્ સ્વાદ આવે.

જે પોતાનું છે તેને પોતાનું જાણતો નથી, ને જે પોતાનું નથી તેને પોતાનું કરવા માંગે છે–તેથી જીવ દુઃખી થાય છે. સ્વતત્ત્વ શું ને એનો અપાર વૈભવ કેવો છે? એને જાણે તો એનું ધ્યાન કરે ને ખોટું ધ્યાન છોડે.

**પ્રશ્નઃ**- આત્માનું ધ્યાન કેમ થાય?

**ઉત્તરઃ**- તને પરનું ધ્યાન કરતાં તો આવડે છે! કેમકે ત્યાં પ્રેમ છે. સ્ત્રી પુત્ર–પૈસા–વેપાર વગેરેનો પ્રેમ હોવાથી તેના વિચારમાં કેવો મશગુલ થઈ જાય છે? તો એ જ રીતે આત્માનો પ્રેમ પ્રગટાવ તો આત્માના ચિન્તનમાં એકાગ્રતા થાય, એનું નામ ધ્યાન છે. પરનો પ્રેમ છોડ ને આત્માનો પ્રેમ કર, તો આત્માનું ધ્યાન થયા વગર રહે નહિ. કેમકે જેને જેનો પ્રેમ હોય તેની ચિંતામાં તે એકાગ્ર થાય છે. ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિનો જેને ખરો રંગ લાગ્યો તે બીજી બધી ચિન્તા છોડીને નિશ્ચિંતપણે આત્મામાં ચિત્તને જોડે છે, ને આત્માના ધ્યાનથી કોઈ અપૂર્વ સુખ તેને પ્રગટે છે. આ બધું પોતામાં ને પોતામાં જ સમાય છે. આમાં પરની કોઈ ઉપાધિ નથી, પરની કોઈ ચિન્તા નથી. અહા, જેના અવલોકનમાં અત્યંત સુખ છે એવો હું છું, એમ તું તારા આત્માને દેખ. જ્યાં પોતામાં જ સુખ છે ત્યાં પરની ચિંતા શી? પરભાવથી ભિન્ન થઈને જેના એક ક્ષણના અવલોકનમાં આવું સુખ એના પૂર્ણ સુખની શી વાત! એમ ધર્મીને આત્માનો કોઈ પરમ અચિન્ત્ય મહિમા સ્ફૂરે છે...પોતામાં જ આનંદના દરિયા ઉલ્લસતા તે દેખે છે. આમ જાણીને હે જીવ! તું પણ ધર્માત્માની જેમ નિશ્ચિંતપણે તારા આત્માને પરમ પ્રીતિથી ધ્યાવ....તને પણ તારામાં એવું જ સુખ દેખાશે. એક ક્ષણ તો ધ્યાન કર...અરે, વર્તમાન અડધી ક્ષણ તો કર.

# * જ્યાં ચૈતન્યનું ચિન્તન ત્યાં પરમ આનંદ *

# જ્યાં પરનું ચિન્તન ત્યાં દુઃખ

* રે હંસલા! સ્વ–પરના વિવેક વડે, સમસ્ત પરની ચિન્તા છોડીને નિશ્ચિતપણે તારા પરમાત્માસ્વરૂપમાં ચિત્તને જોડ... તને પરમ આનંદ થશે.

* ચૈતન્યસ્વરૂપમાં ચિત્તને જોડતાં જે સુખ થાય છે તે સુખ જગતમાં બીજે ક્યાંય નથી. અરે, આવા તારા સુખને છોડીને તું પારકી ચિન્તામાં કેમ પડયો?

* અનાદિથી પરચિન્તા વડે તું દુઃખી થયો; હવે તો સુખના રસ્તા લે. તારી સ્વવસ્તુનું માહાત્મ્ય જાણીને એને તું સેવ.

* આત્માને ઓળખીને તેનો નિર્ણય કર, ને પછી બીજી ચિન્તાઓ છોડીને નિશ્ચિંતપણે આત્માને ધ્યાવતાં તને સમ્યગ્દર્શન થશે, તેમાં અપૂર્વ શાંતિ ને પરમ આનંદ થશે.

* સુખ તારા આત્મામાં....તેની સામે તું જોતો નથી;
પરની ચિન્તામાં દુઃખ છે....ત્યાં તું છોડીને જાય છે.
સન્તો કહે છે–ભાઈ, પરની ચિન્તાથી પાછો વાળ,
ને આનંદધામ એવા આત્માને તું નિશ્ચિંતપણે ચિંતવ.

* આત્માનાં વખાણ સાંભળવા માત્રથી એનો સ્વાદ આવે નહિ; પણ પોતે અંતર્મુખ થઈને એ આત્માને ધ્યાવે તો એનો સાક્ષાત્ સ્વાદ આવે.

* જે પોતાનું છે તેને પોતાનું જાણતો નથી, અને જે પોતાનું નથી તેને પોતાનું કરવા માંગે છે–તેવી જીવ દુઃખી થાય છે.

* પરની પ્રીતિવાળો ચિત્તને પરમાં એકાગ્ર કરીને પરનું ધ્યાન કરે છે. આત્માની પ્રીતિવાળો પરની ચિંતા છોડે છે ને ચિત્તને આત્મામાં એકાગ્ર કરીને આત્માનું ધ્યાન કરે છે. પરના ચિન્તનમાં દુઃખ છે, આત્માના ચિન્તનમાં સુખ છે.

* અહા, જેના અવલોકનમાં અત્યંત સુખ છે.–એવો તું છું એમ તું તારા આત્માને દેખ, જ્યાં પોતામાં જ સુખ છે ત્યાં પરની ચિન્તા શી?

* પર ભાવથી ભિન્ન થઈને જેવા એક ક્ષણના અવલોકનમાં આવું સુખ–એના પૂર્ણ સુખની શી વાત? એમ ધર્મીને આત્માનો કોઈ પરમ અચિંત્ય મહિમા સ્ફૂરે છે; પોતામાં જ આનંદના દરિયા ઉલ્લસતા તે દેખે છે.

* હે જીવ! તું પણ ધર્માત્માની જેમ નિશ્ચિંતપણે તારા આત્માને પરમ પ્રીતિથી ધ્યાવ. તને પણ તારામાં એવું જ સુખ વેદાશે.

**એક ક્ષણ તો ધ્યાન કર....**

**અરે, અત્યારે અડધી ક્ષણ તો કર.**

# સમ્યક્ત્વની આરાધના

જે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, નિશ્ચલપણે સમ્યગ્દર્શનનો આરાધક છે તે જીવ એકલો હોય તો પણ જગતમાં પ્રશંસનીય છે. ભલે તે પૂર્વના દુષ્કર્મના ઉદયથી દુઃખિત હોય, નિર્ધન હોય, કાળો–કૂબડો હોય તોપણ પરમ આનંદસ્વરૂપ અમૃતમાર્ગમાં રહેલો છે, કરોડો અબજોમાં તે એકલો હોય તો પણ શોભે છે, પ્રશંસા પામે છે. સમ્યગ્દ્રષ્ટિ ચંડાળ દેહમાં રહ્યો હોય તો પણ તેને દેવસમાન આદરણીય કહ્યો છે, તે રાખથી ભારેલ ચિનગારી જેવો છે. (એ વાત સમન્તભદ્રસ્વામીએ રત્નકરંડશ્રાવકાચારમાં કહી છે.)

સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ પણ હોય, રહેવાનું મકાન ન હોય, તો પણ પ્રશંસનીય છે. પૂર્વકર્મનો ઉદય તેને હલાવી શકતો નથી, તે સમ્યક્ત્વમાં નિશ્ચલ છે. નાનું દેડકું સમવસરણમાં બેઠું હોય ને સમ્યગ્દર્શન વડે ચૈતન્યના આનંદને અનુભવે છે, ત્યાં બીજા કયા સાધનની જરૂર છે? ભલે પાપકર્મનો ઉદય હોય પણ હે જીવ! તું સમ્યક્ત્વની આરાધનામાં નિશ્ચલ રહે. પાપકર્મને ઉદય હોય તેથી કાંઈ સમ્યક્ત્વની કિંમત ચાલી નથી જતી.

ચારેકોર પાપકર્મના ઉદયથી ઘેરાયેલો હોવા છતાં જે સમ્યક્ત્વને ધારણ કરે છે તે જીવ એકલો હોય તો પણ અત્યંત પ્રશંસનીય છે. ભલે જગતમાં બીજા તેને ન માને, ભલે કોઇ તેને સાથ ન આપે તો પણ એકલો એકલો તે મોક્ષના માર્ગમાં આનંદપૂર્વક ચાલ્યો જાય છે. પૂર્વકર્મનો ઉદય ક્યાં એનો છે? એની વર્તમાન પરિણતિ તો ચૈતન્ય સ્વભાવ તરફ ઝુકીને આનંદમય બની ગઈ છે, તે પરિણતિથી તે એકલો શોભે છે, તે પ્રશંસનીય છે. જેમ વનમાં સિંહ એકલો પણ શોભે છે તેમ સંસારમાં સમ્યગ્દ્રષ્ટિ એકલો પણ શોભે છે. સમ્યક્ત્વ ભેગા પુણ્ય હોય તો જ તે જીવ શોભે–એવી પુણ્યની અપેક્ષા કાંઈ સમ્યગ્દર્શનમાં નથી. સમ્યગ્દ્રષ્ટિ પાપના ઉદયથી પણ જુદો છે ને પુણ્યના ઉદયથી પણ જુદો છે. બંનેથી જુદો પોતાના જ્ઞાનભાવમાં સમ્યક્ત્વથી જ તે શોભે છે; તે એકલો અમૃતમાર્ગે–આનંદથી મોક્ષમાં ચાલ્યો જાય છે.

અને જેને સમ્યગ્દર્શન નથી, અમૃત માર્ગથી જે બહાર છે, જે મિથ્યામાર્ગમાં ગમન કરે છે, તે ભલે પુણ્યના ઠાઠથી ઘેરાયેલો હોય, ને ભલે લાખો કરોડો જીવો તેના માનનારા હોય, તો પણ તે શોભતો નથી, પ્રશંસા પામતો નથી. કોઈ કુમાર્ગને આટલા બધા જીવો માને છે માટે તેમાં કાંઈક શોભા હશે? તો કહે છે કે ના, મિથ્યામાર્ગમાં લાખો જીવો હોય તો પણ તેઓ શોભતા નથી, કેમ કે આનંદથી ભરેલા અમૃતમાર્ગની તેને ખબર નથી, એ તો મિથ્યાત્વના ઝેરથી ભરેલા માર્ગમાં જઈ રહ્યા છે. કુપંથને લાખો માણસો માને તેથી ધર્મીને શંકા ન પડે કે તેમાં કાંઈક શોભા હશે! ને સત્પંથમાં બહુ થોડા જીવો હોય, પોતે એકલો હોય તો ધર્મીને સંદેહ ન પડે કે આ માર્ગ હશે કે બીજો હશે! સત્પંથમાં એટલે કે મોક્ષમાર્ગમાં, તે એકલો પણ શોભે છે. જગતની પ્રતિકૂળતાનો ઘેરો એને સમ્યક્ત્વથી ડગાવી ન શકે. મોક્ષમાર્ગને અહીં આનંદથી ભરેલો અમૃતમાર્ગ કહ્યો છે, તેનાથી બહાર મિથ્યાત્વમાર્ગમાં લાખો કરોડો જીવો પણ શોભતા નથી; ને અમૃતમાર્ગમાં એક–બે–ત્રણ સમ્યગ્દ્રષ્ટિ હોય તો પણ જગતમાં તે શોભે છે. માટે આવા સમ્યક્ત્વને નિશ્ચલપણે ધારણ કરવું. મુનિધર્મ હો કે શ્રાવકધર્મ હો, તેમાં સમ્યગ્દર્શન સૌથી પહેલું છે. સમ્યગ્દર્શન વગર શ્રાવકધર્મ કે મુનિધર્મ હોય નહિ.

# હે જીવ ! ભેદજ્ઞાનના બળે નિર્ભય થા

**તું શરીરની દ્રષ્ટિ છોડીને આત્માની દ્રષ્ટિ કર તો તને પ્રતીત થશે કે શરીરના ટુકડા થતાં મારા ટૂકડા થતા નથી. તું ભય ન પામ કે શરીરનું છેદન થતાં હું છેદાઈ જઈશ. અસંખ્યપ્રદેશી અખંડ આત્માના એક પ્રદેશને પણ કોઈ છેદી શકે નહિ, તેમજ અનંતગુણના પિંડમાંથી એક્કેય ગુણને કોઈ ભેદીને જુદો પાડી શકે નહિ. આવો જ્ઞાનાનંદસ્વભાવી હું છું-એમ તું જાણ; ને આવા તારા પરમાત્મસ્વરૂપને તું નિર્વિકલ્પ થઈને ધ્યાવ. એના ધ્યાનથી અલ્પકાળમાં જ તું ભવસાગરને તરી જઈશ ને દેહાતીત પરમાનંદસ્વરૂપ મોક્ષની તને પ્રાપ્તિ થશે.**

卐

## ( પરમાત્મપ્રકાશ ગા. ૭૧-૭૨ ઉપરનું પ્રવચન )

દેહથી ભિન્ન આત્મસ્વરૂપ બતાવીને કહે છે કે હે આત્મારામ ! તું તો જ્ઞાન છો, દેહ તું નથી. માટે દેહમાં બૂઢાપો આવે કે મરણ આવે તેથી તું ડર નહીં. આત્મા તો જરા વગરનો અજર, ને મરણ વગરનો અમર છે. એ જ રીતે શરીર સુંદર–યુવાન હોય તો તે પણ તું નથી, માટે તેમાં 'આ મારું' એવો મોહ ન કર. હું યુવાન, હું રૂપાળો, કે હું વૃદ્ધ, હું કાળો એમ દેહમાં આત્મબુદ્ધિ ન કર. વીસ વીસ વર્ષના યુવાન રાજકુમારો દેહથી ભિન્ન અતીન્દ્રિય આત્માને જાણીને તેને સાધવા વનમાં ચાલ્યા ગયા. અરે, સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થપણામાં રાજપાટ ને રાણીઓ વચ્ચે દેખાય છતાં તે અંતરમાં જાણે છે કે કોનાં આ રાજપાટ ને કોની આ રાણીઓ ? જ્યાં દેહ પણ મારો નથી ત્યાં અન્ય દ્રવ્યની શી વાત ! આવા ભાનમાં ધર્મીને મરણનો ભય છૂટી ગયો છે. 'મારું મૃત્યુ થશે' એવો ભય તેને થતો નથી. મારી ચૈતન્ય પ્રભુતામાં કદી વૃદ્ધાવસ્થા કે મરણ નથી.

અરે જીવ ! એકવાર તો જગતથી ને શરીરથી જુદા આત્માને લક્ષમાં લે તો તારા બધાય ભય મટી જાય. પાંચ ઇન્દ્રિયો કે ઇન્દ્રિયના વિષયો સંબંધી સમસ્ત વિકલ્પજાળને છોડીને અંતર્મુખ થઈને અતીન્દ્રિય આત્માને તારું ધ્યેય બનાવ.

આ દેહ છેદાય, ભેદાય કે ક્ષય પામે, તેમાં તું ભય કેમ કરે છે ? એ દેહ તું નથી–એમ સમજીને ભય છોડ ને શુદ્ધ આત્માને ધ્યાવ. સ્વપ્નેય ધર્મીને શરીરમાં પોતાપણાની બુદ્ધિ

થતી નથી; એટલે શરીરની હીનાધિકતાથી તે પોતાની હીનાધિકતા માનતો નથી, શરીરમાં રોગ–નિરોગથી તે પોતાને રોગી–નિરોગી માનતો નથી, શરીરના છેદન–ભેદનથી તે પોતાનું છેદન–ભેદન માનતો નથી, શરીરના નાશથી તે આત્માનો નાશ માનતો નથી; એ તો ભિન્ન આત્માને ધ્યેય બનાવે છે. હું તો જ્ઞાન છું, હું તો આનંદ છું–એમ નિજસ્વરૂપને તે ધ્યાનમાં ઉપાદેય કરે છે, એ સિવાયના પરભાવને અંશમાત્ર પોતામાં ગ્રહતા નથી.

જુઓ, કોઈ મુનિ હોય, શરીરને સિંહ–વાઘ આવીને તોડતા હોય, કટકા કરીને ખાતા હોય, ને તે વખતે મુનિ તો અંતરમાં શુદ્ધાત્માને ધ્યેય બનાવીને અંતરમાં લીન થાય ને એવી ધારા ઊપડી જાય કે ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન લ્યે, જ્યાં કેવળજ્ઞાન થાય ત્યાં શરીર પણ સરખું થઈ જાય, ને ઉત્તમ–પરમ ઔદારિક શરીર બની જાય. એવો મેળ છે, છતાં તે શરીર પણ એમનું નથી. એ શરીર પણ નાશવંત છે, પણ તે શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી. આત્મા તો શરીરરહિત સિદ્ધપણે સાદિઅનંત બિરાજે છે.

અત્યારે સંસાર અવસ્થા વખતેય આત્મા શરીર રહિત જ છે. શરીરરૂપે આત્મા કદી થયો નથી. અંદર અમૃતનો સમુદ્ર ભરેલો છે; એ તો જ્ઞાનશરીરી છે, જ્ઞાન જ એનો દેહ છે. અસંખ્યપ્રદેશ જ્ઞાન–આનંદમય છે, આવા આત્માને ધર્મી ધ્યેય બનાવે છે; ત્યાં શરીરમાં છેદન–ભેદન થાય તેનો ભય તેને રહેતો નથી, એટલે અભિપ્રાયમાં એને એમ નથી થતું કે આ શરીર છેદાતાં મારો આત્મા છેદાઈ ગયો! કે આ શરીર ભેદાતાં મારૂં જ્ઞાન ભેદાઈ ગયું! હું જ્ઞાન છું ને જગતના બધા આત્મા જ્ઞાન છે; એટલે બીજા જીવોને પણ તે સંયોગવડે નાના–મોટા કલ્પતો નથી. અજ્ઞાની પોતે સંયોગથી પોતાની મોટાઈ માને છે ને પોતાની એવા દ્રષ્ટિને લીધે બીજા જીવોનું માપ પણ સંયોગ ઉપરથી દેખે છે. ભાઈ, આત્મામાં સંયોગ નથી ને એ સંયોગોમાં આત્મા નથી. આત્મા અનંત ગુણનો પિંડ, એના ગુણની શુદ્ધતાની જેને વૃદ્ધિ થઈ તે મોટો, ને તે શુદ્ધતાની જેટલી ઓછાપ એટલો નાનો; સંયોગ ઓછા માટે આત્મા નાનો કે સંયોગ વધુ માટે આત્મા મોટો–એમ સંયોગથી આત્માનું માપ નથી. ને સ્વભાવથી તો બધા આત્મા જ્ઞાનાનંદે ભરપૂર ભગવાન છે. સંયોગનું લક્ષ છોડીને આવા સ્વભાવમાં લક્ષને સ્થિર કર, તેના ધ્યાન વડે પરમ આનંદ અનુભવાશે.

તું શરીરની દ્રષ્ટિ છોડીને આત્માની દ્રષ્ટિ કર તો તને પ્રતીત થશે કે શરીરના ટૂકડા થતાં મારા ટૂકડા થતા નથી. તું ભય ન પામ કે શરીરનું છેદન થતાં હું છેદાઈ જઈશ? અસંખ્ય પ્રદેશી અખંડ આત્માના એક પ્રદેશને પણ કોઈ તોડી શકે નહીં; તેમજ અનંત ગુણના પિંડમાંથી એક્કેય ગુણને કોઈ ભેદીને જુદો પાડી શકે નહીં. આવો જ્ઞાનાનંદ

સ્વભાવી હું છું–એમ તું જાણ. તેને તું ધ્યેય બનાવ. જે પરમ તત્ત્વના ધ્યાનથી ભવસાગરનો પાર પમાય તે તું છો. આવા તારા સ્વતત્ત્વને ધ્યેય બનાવતાં અપૂર્વ સમાધિ થશે ને ભવસાગરનો પાર પમાશે.

દેહથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જે ધ્યાવે છે તેને દેહનું છેદનભેદન થતાં અસમાધિ થતી નથી. દેહનું છેદનભેદન અને તે સંબંધી જરાક રાગદ્વેષ કદાચ થાય તો તે રાગદ્વેષ પણ મારા જ્ઞાનાનંદતત્ત્વથી બહાર છે, એમ ભેદજ્ઞાન કરીને જે જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મતત્ત્વને નિર્વિકલ્પ ધ્યાનમાં ધ્યાવે છે તે થોડા જ કાળમાં દેહાતીત પરમાનંદસ્વરૂપ મોક્ષને પામે છે.

આ ભેદજ્ઞાનનું ફળ છે; માટે હે જીવ ! તું

ભેદજ્ઞાનના બળે નિર્ભય થા.

**હે જીવ !**

**તું વીતરાગમાર્ગનો ઉપાસક થયો, અને જગતના જીવોનો સ્વભાવ તેં જાણી લીધો, તો હવે જગતના જીવોદ્વારા નિંદા પ્રશંસા થાય તેમાં તારે ક્યાં અટકવાનું રહ્યું છે ?-તારે તો તારા વીતરાગ માર્ગમાં જ ચાલ્યા જવાનું છે.**

# વિ વિ ધ વ ચ ના મૃ ત

( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક : ૧૬ )

**( ૨૨૧ ) ભેદજ્ઞાન**

જેમ સ્વદ્રવ્યમાં એકાગ્રતાથી મારી નિર્મળપર્યાય ખીલે છે, તેમ રાગમાં એકાગ્રતાથી મારી નિર્મળપર્યાય ખીલતી નથી, માટે સ્વદ્રવ્ય અને રાગ બંને ચીજ જુદી–જુદી છે.

સ્વદ્રવ્યમાં ઉપયોગથી જે આનંદવેદન થાય છે, રાગમાં ઉપયોગથી તે આનંદવેદન થતું નથી, માટે મારું સ્વદ્રવ્ય જ આનંદનું ધામ છે. આવા સ્વસંવેદનમય ભેદજ્ઞાન ધર્મીને હોય છે.

**( ૨૨૨ ) ચૈતન્યનું ઘોલન**

ચૈતન્યનું પરમ શાંત પરિણામથી ઘોલન તે જ કષાયોને જીતવાનો ઉપાય છે.

ચૈતન્યના ઘોલનમાં કષાયની ઉદ્‌ભૂતિ ક્યાંથી થાય? ત્યાં તો પરિણામ શાંત–શાંત જ થતા જાય.

કષાયોનો આવેશ ત્યાં ચૈતન્યનું ઘોલન નહિ, ચૈતન્યરસનું ઘોલન ત્યાં કષાયોનો આવેશ નહિ.

**( ૨૨૩ ) આનું નામ જ્ઞાન!**

સ્વભાવ અને રાગની સંધીને તોડનારૂં જ્ઞાન ઘણું જ સૂક્ષ્મ છે–રાગની સ્થૂળતાથી પાર, તીખું છે. તે જ્ઞાન પોતાની અતિ ઉગ્ર તાકાતથી અત્યંત ઊંડો ઘા કરીને સર્વ વિભાવોને ભેદીને જ્ઞાનસ્વરૂપમાં પ્રવેશી જાય છે; જ્ઞાનમાં તન્મયપણે તે સ્વયં પરમ આનંદરૂપ બની જાય છે. આનું નામ જ્ઞાન.....ને આનું નામ પુરુષાર્થ!

**( ૨૨૪ ) જેવું દ્રવ્ય....તેવી પર્યાય**

જેમ દ્રવ્યનો મહિમા જ્ઞાન–આનંદસ્વરૂપ ભાવથી છે, રાગથી તેનો મહિમા નથી, તેમ પર્યાયનો મહિમા પણ જ્ઞાન આનંદસ્વભાવથી છે, રાગથી તેનો મહિમા નથી.

જે પર્યાય રાગના મહિમામાં અટકશે તે પર્યાય જ્ઞાનઆનંદરૂપ નહિ થઈ શકે.

જ્ઞાનઆનંદરૂપ થયેલી પર્યાય રાગથી જુદી છે. સ્વભાવના મહિમા તરફ જે પર્યાય વળશે તે જ્ઞાનઆનંદરૂપ થશે.

**( ૨૨૫ ) શ્રદ્ધાકી બાત**

દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે?

હા, પણ તે દેવગુરુશાસ્ત્ર રાગવાળા છે કે રાગવગરના? દેવ તો સર્વજ્ઞ વીતરાગ છે, ગુરુ એના સાધક છે, ને શાસ્ત્રો પણ એજ બતાવે છે, એટલે ત્રણે રાગવગરના છે. બસ, આવા રાગવગરના દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધા તો રાગવગરના ભાવથી જ થઈ શકે. રાગમાં અટકેલા ભાવે કાંઈ રાગવગરના દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા ન થઈ શકે. માટે રાગથી જુદો પડીને જ્ઞાનભાવમાં આવે તેને જ વીતરાગી દેવગુરુ શાસ્ત્રની સાચી પ્રતીત થાય છે. રાગમાં ઊભો રહીને દેવગુરુશાસ્ત્રની સાચી પ્રતીત થતી નથી. આ રીતે નિશ્ચય શ્રદ્ધા અને વ્યવહારશ્રદ્ધા બંને એક સાથે સમજવી.

**( ૨૨૬ ) એકત્વના નિજવૈભવને ભોગવ**

અરે પરિણતિ વિકાર સાથે તું એકતા કરવા જાશ ત્યાં સ્વભાવ સાથે તારે ભિન્નતા પડે છે!

જો સ્વભાવ સાથે એકતા કરવી હોય તો વિકાર સાથેની એકતાને તોડ.

જ્ઞાનને અને રાગને એકતા થઈ નથી, જુદાઈ જ છે, આવી ભિન્નતા જાણીને જ્ઞાનની એકતા જ્ઞાન સાથે કર. એ રીતે એકત્વ–વિભક્ત થઈને તારા નિજવૈભવને આનંદસહિત ભોગવ.

**( ૨૨૭ ) છૂટકારોનો ઉલ્લાસ**

અરે જીવ! છૂટકારાના ટાણે પશુઓ પણ થનગની ઊઠે છે, અને તને અનાદિના ભવબંધનથી છૂટકારાનો આ અવસર આવ્યો તે ટાણે તારો આત્મા થનગની ન ઊઠે– એમ કેમ બને? તને બંધની વાતનો ( પુણ્ય–પાપની વાતનો ) ઉત્સવ આવે ને બંધનથી છૂટીને મોક્ષની વાતનો ઉત્સાહ ન આવે–તો તને શું થયું? પશુ જેવોય તું ન થયો! ભાઈ મોક્ષનો ઉપાય સંતો તને સંભળાવે છે, અનાદિના બંધનથી છૂટવાની રીત સંતો તને બતાવે છે, તો તેમાં ઉત્સાહ કર....મોક્ષમાં મહાન સુખ છે એમ જાણીને તું ઉલ્લસિત થા.

**( ૨૨૮ ) વૈરાગ્યનો મંત્ર**

જે કોઈ પરિસ્થિતિથી તને દુઃખ લાગતું હોય તો વિચાર કે તે પરિસ્થિતિ અસ્થિર છે, તે કાંઈ સદા રહેવાની નથી, અમુક કાળમાં તે પલટી જશે. માટે ખેદ છોડી, કોઈપણ અસ્થિર પ્રસંગ સંબંધી હર્ષ–વિષાદ છોડી, સ્થિર ટકનાર એવો જે તારો ધ્રુવચિદાનંદ સ્વભાવ તેનું શરણ લે. વૈરાગ્યરૂપી અમોઘ મંત્રવડે સંયોગ પ્રત્યે વિરક્ત થઈ સ્વભાવ પ્રત્યે પરિણતિને ઝુકાવ.

કેમકે–

**લક્ષ્મી શરીર સુખ-દુઃખ અથવા શત્રુ-મિત્ર જનો અરે!**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે.**

**( ૨૨૯ ) હું....કોણ ?**

અજ્ઞાની કહે છે–શરીર મારૂં, પૈસા મારા, રોગ મારો, ને હું એનો.

જ્ઞાની જાણે છે–'હું જ્ઞાન !' જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવ મારો, ને હું એનો.

卐

**( ૨૩૦ ) બહારમાં સુખ શોધતાં અંતરનું સુખ ટળે છે**

આત્માથી બહાર કોઈપણ પદાર્થમાં સુખને શોધતાં તારૂં સુખ ટળી જશે....એમ લક્ષમાં લઈને હે જીવ ! બહારમાં સુખની બુદ્ધિ છોડ.....ને અંતરમાં સુખસ્વરૂપ તારો આત્મા જ છે, તેમાં જ સુખને શોધ.

**"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.**
**લેશ એ લક્ષે લહો"**

બહારમાં સુખ શોધતાં તારૂં અંતરનું સુખ ભુલાઈ જશે. તારા આત્મામાં જ પ્રીતિ કરતાં તને તારૂં સહજ સુખ પ્રાપ્ત થશે.

卐

## અનુભવ

અનુભવ એ ચિંતામણિ રત્ન છે, અનુભવ એ શાંતરસનો કૂવો છે. અનુભવ મુક્તિનો માર્ગ છે, ને અનુભવ તે મોક્ષસ્વરૂપ છે. અનુભવરસને જગતના જ્ઞાની લોકો રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એ તીર્થધામ છે; અનુભવની ભૂમિ એ જ સકલ ઇષ્ટ પદાર્થને ઉપજાવનાર ખેતર છે, અનુભવ તે નરકાદિ અધોગતિથી બહાર કાઢીને સ્વર્ગ–મોક્ષરૂપ ઉર્ધ્વગતિમાં લઈ જાય છે; અનુભવની કેલિ એ કામધેનુ અને ચિત્રાવેલી સમાન છે. અનુભવનો સ્વાદ પંચામૃતના ભોજન સમાન છે, અનુભવ કર્મોને તોડે છે ને પરમપદ સાથે પ્રીતિ જોડે છે, અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી. ( અહીં પંચામૃત, રસાયણ, કામધેનુ ચિત્રવેલી, ચિંતામણીરત્ન વગેરે પદાર્થો જગતમાં સુખદાયક તરીકે પ્રસિદ્ધ હોવાથી તેમનું દ્રષ્ટાંત દીધું છે, બાકી અનુભવ તો એ બધાથી નીરાળો કોઈ અનુપમ છે. )

–पं बनारसीदासजी

# જીવનો સ્વભાવ

***

( સમયસાર કલશ ટીકા પ્રવચન )

**આત્માનું અસ્તિત્વ જ્ઞાનમય છે; જ્ઞાનની સાથે આનંદ છે. આવા જ્ઞાનસ્વભાવની વાત સાંભળવા મળવી તે પણ મહાભાગ્ય છે, ને પ્રેમથી અંતરમાં લક્ષગત કરીને તેનો હકાર લાવવો તે અપૂર્વ કલ્યાણ છે.**

***

જીવનો સ્વભાવ સર્વ જ્ઞેયને જાણે એવો છે, જ્ઞાન પોતાને, રાગને ને પરને જ્ઞેયપણે જાણે છે. હવે રાગાદિ જ્ઞેયને જાણતાં જ્ઞાનમાં કોઈ અશુદ્ધતા થઈ જતી નથી. રાગ અશુદ્ધ છે, પણ રાગને જાણનારું જ્ઞાન કાંઈ અશુદ્ધ નથી. જેમ જડને જાણતું જ્ઞાન જડ થઈ ગયું નથી, તેમ રાગાદિને જાણતું જ્ઞાન રાગાદિરૂપ થઈ જતું નથી.

જ્ઞાનમાં નારકી જણાય તેથી જ્ઞાનમાં કાંઈ દુઃખ નથી. જ્ઞાનની સ્વ–પર પ્રકાશપણાની તાકાત ખીલી, તેથી તેમાં પર જણાય છે. એ તો જ્ઞાનની સ્વચ્છતાની વિશાળતા છે. પરને જાણવાને કારણે જ્ઞાનમાં અશુદ્ધતા માને તેને જ્ઞાનની પ્રતીત નથી. અરીસામાં મેલી વસ્તુ જણાય તેથી અરીસાની મલિનતા નથી; તેમ આ ચૈતન્યદર્પણની સ્વચ્છતામાં વિકાર ને પરજ્ઞેય જણાય, ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે જ્ઞાનમાં મલિનતા થઈ ગઈ! તેને કાઢી નાખું! એમ માનીને તે સ્વ–પર પ્રકાશક જ્ઞાનનો જ નિષેધ કરી નાખે છે.

રાગને જ્ઞાન જાણે છે પણ તેથી રાગ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાન રાગને સ્વકાર્યપણે નથી જાણતું; તેથી રાગને જાણતાં જ્ઞાનમાં અશુદ્ધપણું સંભવતું નથી.–એવો જ જીવનો સ્વભાવ છે. ભાઈ, જાણવામાં અશુદ્ધતા ક્યાં આવી ગઈ? જ્ઞાન તો પરજ્ઞેયોથી

બહાર રહીને જ જાણે છે, ને તે જ્ઞેયો તો જ્ઞાનથી બહાર જ રહે છે, જ્ઞાન ને જ્ઞેય એક બીજામાં પ્રવેશી જતા નથી, છતાં અજ્ઞાની નિજ જ્ઞાનને ભૂલીને ખેદખિન્ન થાય છે. સ્વ–પર પ્રકાશક સામર્થ્ય તે તો જ્ઞાનની નિર્મળતા છે, એને જાણે તો આત્માને જાણ્યો કહેવાય. સ્વપરપ્રકાશક જ્ઞાન રાગને જાણતાં રાગરૂપ પોતે થઈ ગયું નથી, પોતે તો જ્ઞાનપણે જ રહ્યું છે. આવા જ્ઞાનની પ્રતીત તે વસ્તુ સ્વભાવની પ્રતીત છે.

અહો, જ્ઞાનસ્વભાવી મહિમાવંત પદાર્થ–જેના લક્ષે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ કાર્ય થયું, તેની સાથે જ્ઞાનમાં રાગાદિ અશુદ્ધતા જણાય છતાં તેમાં જ્ઞાનના જ સામર્થ્યની પ્રસિદ્ધિ છે.

વિકારી પરિણામ પણ દ્રવ્યના પરિણામ, ને આત્મા તેનો કર્તા, બીજો કર્તા નહિ એમ પહેલાં કહ્યું, અહીં કહે છે કે તે વિકારી પરિણામને જાણવાની તાકાત જ્ઞાનમાં છે, તે જ્ઞાનના સ્વપર પ્રકાશકપણામાં આનંદનું વેદન છે. તેમાં દુઃખનું જ્ઞાન ભલે હો, પણ તેને તે દુઃખનું વેદન નથી.

અરે જીવ! જ્ઞાનને ભૂલીને ખેદ કાં પામ! જ્ઞાનમાં ખેદ કેવો? સંયોગ પ્રતિકૂળ આવ્યો તે કાંઈતારે દુઃખી થવાનું કારણ નથી, એને તો જાણી લેવાનો સ્વપર–પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. તે જ્ઞાનમાં કાંઈ આકૂળતા કે ખેદ નથી. સાધકપણામાં રાગ પણ છે. ને જ્ઞાન તેને જાણે છે. ત્યાં કાંઈ રાગને જાણતાં સાધકના જ્ઞાનમાં મલિનતા થઈ જતી નથી, પણ મિથ્યાશ્રદ્ધાને લીધે, જ્ઞેયોમાં જ મગ્ન થયેલો અજ્ઞાની જીવ, જ્ઞાનને ભૂલીને ખેદખિન્ન થાય છે. વસ્તુસ્વરૂપને જાણે તો એવો ખેદ રહે નહિ, ને સ્વ–પરપ્રકાશી જ્ઞાનની પ્રતીત સાથે આનંદ પ્રગટે. નિર્દોષ જ્ઞાનને તું દોષવાળું ન માન. પરને જાણતા કાંઈ જ્ઞાનમાં ખેદ નથી. જ્ઞાનની પ્રતીતને ભૂલીને જ્ઞેયમાં તન્મયતા માને તો તેમાં મિથ્યાત્વનો ખેદ છે. એ ખેદ ટાળવા માટે સ્વ–પરપ્રકાશક જ્ઞાનને અનુભવમાં લે, તો ખેદ ટળે ને અપૂર્વ આનંદ પ્રગટે. જ્ઞાનની પ્રતીત વગર કોઈ રીતે સમતા કે આનંદ પ્રગટે નહિ.

જ્ઞાન તે આત્માનું તત્ત્વ છે, ને રાગાદિ તે આસ્રવતત્ત્વનો ભાગ છે. તેમાં આસ્રવની મલિનતાને જાણતાં જ્ઞાન મેલું થઈ જતું નથી.

એક કોર જ્ઞાનનો ભાગ, બીજી કોર રાગનો ભાગ તેમાંથી જ્ઞાનનો ભાગ સારો છે, ને સારો તે તારો છે. એમ રાગથી ભિન્ન જ્ઞાનને ગ્રહણ કરવું તે સુખી થવાનો રસ્તો છે.

અરે જીવ! જાણવાનો તો તારા જ્ઞાનનો સ્વભાવ છે, તો પછી પરજ્ઞેય જણાતાં તું તારા જ્ઞાનથી કેમ ચ્યુત થાય છે?–સ્વપરને જાણે તે તો જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય

છે. પરને કરવાનો સ્વભાવ નથી, પણ પરને જાણવાનો તારો સ્વભાવ છે, જ્ઞાનમાં પર જણાય તેમાં તું ગભરાઈ કેમ જાય છે? જ્ઞાનમાં રાગ જણાય, તેથી કાંઈ રાગ જ્ઞાનને સ્પર્શી જતો નથી, રાગને જાણતાં જ્ઞાન કાંઈ રાગી થઈ જતું નથી, જડને જાણતાં જ્ઞાન કાંઈ જડ થઈ જતું નથી. તારું જ્ઞાન તો ત્રણે કાળે શુદ્ધ સ્વભાવવાળું છે. એવા જ્ઞાનસ્વભાવને તું પ્રતીતમાં લે. જ્ઞેયો જણાય તેથી તારા જ્ઞાનમાં કાંઈ તે જ્ઞેયો પ્રવેશી જતા નથી. તારું જ્ઞાન જ્ઞેયપણે થતું નથી, તારું જ્ઞાન તો જાણનારસ્વરૂપ જ રહે. એમ જ્ઞાનસ્વરૂપી શુદ્ધ આત્માને તું જાણ ન જ્ઞેયો સાથે જ્ઞાનની એકતાના ભ્રમને તું છોડ. હું જાણનાર છું ને રાગમય નથી, રોગમય નથી, એમ નિઃશંકપણે તું જ્ઞાનપણે જ રહે. જ્ઞાનપણે જ આત્માને અનુભવમાં લે તો તારા જ્ઞાનમાં કોઈ આકુળતા ન રહે.

જ્ઞાનમાં રાગ નથી તો રાગને કોણ કરે છે?

જ્ઞાન રાગને નથી કરતું. જ્ઞાનનું અસ્તિત્વ તે કાંઈ રાગની ઉત્પત્તિનું સ્થાન નથી. રાગ જ્ઞાનના કાર્યપણે નથી, પણ જ્ઞેયપણે છે. તું તારા જ્ઞાનમાં છો, ને રાગને જાણતાં તું કાંઈ રાગમાં ચાલ્યો જતો નથી, તું તો જ્ઞાનપણે જ્ઞાનમાં જ રહ્યો છો.

જ્ઞાનસ્વરૂપી આત્મા શરીરપણે થયો નથી, ને રાગપણે પણ થયો નથી. રાગને જાણતાં જ્ઞાનપણે પોતાનું અસ્તિત્વ ભૂલીને રાગમાં જ પોતાનું અસ્તિત્વ માને છે તે અજ્ઞાનીની ભ્રમણા છે. સ્વસન્મુખ અસ્તિત્વની શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને તેણે તે ભ્રમણા ઊભી કરી છે. અજ્ઞાની સ્વ–પરની એકતાના ભ્રમથી પરનું જાણપણું છોડવા માગે છે. પણ ભાઈ! પરને જાણનારે તો તું છો, જ્ઞાનપણે તો તારું અસ્તિત્વ છે, તો શું તારે તારા અસ્તિત્વને છોડવું છે? તારી હયાતીનો તારે નાશ કરવો છે? એ કદી બને નહિ. આત્મા સદા જ્ઞાનરૂપ વસ્તુ છે, તે જ્ઞાનથી કદી છૂટે નહિ, એનું અસ્તિત્વ જ જ્ઞાનમય છે.

અરે, આવા જ્ઞાન સ્વભાવની વાત સાંભળવા મળવી તે પણ મહાભાગ્ય છે, ને પ્રેમથી અંતરમાં લક્ષગત કરીને તેનો હકાર લાવવો તે અપૂર્વ કલ્યાણ છે.

શુદ્ધ વસ્તુસ્વરૂપને અનુભવનારો ભાવ તે વસ્તુમાં લીન થયેલો છે; વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી. શુદ્ધવસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે. વિકલ્પ એનાથી બહાર છે.

# બાવીશ વર્ષ પહેલાં

**સોનગઢમાં વીર સં. ૨૪૭૧ ના વૈશાખ માસમાં (એટલે કે આજથી ૨૨ વર્ષ પહેલાં) ઉનાળાની રજા દરમિયાન શિક્ષણવર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અંદરોઅંદર કરેલા એક દિવસના પ્રશ્નોત્તરનો કેટલોક ભાગ.**

**૧. પ્રશ્નઃ**- જીવ અને દ્રવ્યમાં શું ફેર?

**ઉત્તરઃ**- જીવ કહેતાં એકલું જીવદ્રવ્ય ખ્યાલમાં આવે છે. અને દ્રવ્ય કહેતાં છએ દ્રવ્યો ખ્યાલમાં આવે છે.

**૨. પ્રશ્નઃ**- મોક્ષ સુખ ક્યાં હોય? અહીં તે ભોગવી શકાય કે નહિ?

**ઉત્તરઃ**- મોક્ષસુખ આત્માની શુદ્ધ પર્યાયમાં હોય છે. અને આત્મામાં તે ભોગવી શકાય છે; મોક્ષસુખનો સંબંધ બહારના ક્ષેત્ર સાથે નથી.

**૩. પ્રશ્નઃ**- પ્રતિજીવી ગુણ અને અનુભવી ગુણ એટલે શું?

**ઉત્તરઃ**- વસ્તુનો જે ગુણ બીજાના અભાવની અપેક્ષા રાખે તેને અર્થાત્ અભાવસૂચક ગુણને પ્રતિજીવી ગુણ કહે છે અને જે ગુણ બીજાની અપેક્ષા ન રાખે તેને અર્થાત્ ભાવસૂચક ગુણને અનુભવી ગુણ કહે છે.

**૪ પ્રશ્નઃ**- એકેન્દ્રિય અને નિગોદમાં શું ફેર?

**ઉત્તરઃ**- નિગોદના બધા જીવોને એકેન્દ્રિય કહેવાય પણ બધા એકેન્દ્રિયને નિગોદ ન કહેવાય.

**૫. પ્રશ્નઃ**- છ દ્રવ્યોમાંથી ખંડ દ્રવ્ય કેટલાં છે?

**ઉત્તરઃ**- છએ દ્રવ્યો પોતાના સ્વરૂપે અખંડ છે, અને પરથી જુદા છે. પરમાણુના સ્કંધને ખંડરૂપ કહી શકાય, કેમકે તે સ્કંધમાંથી પરમાણુઓ છૂટા પડી જાય છે.

**૬. પ્રશ્નઃ**- રૂપી, અરૂપી, મૂર્તિક, અમૂર્તિક એમાંથી જીવને ક્યા ક્યા વિશેષણો લાગુ પડે છે?

**ઉત્તરઃ**- જીવ અરૂપી અને અમૂર્તિક છે. જડ વસ્તુનું રૂપ જીવમાં નથી તેથી અરૂપી કહેવાય છે પણ પોતાના જ્ઞાન વગેરેની અપેક્ષાએ તો તે સ્વ-રૂપી છે, જીવનમાં પોતાનું રૂપ છે. જ્ઞાન દર્શન, વગેરે જીવનું સ્વરૂપ છે.

**૭ પ્રશ્નઃ**- બાહ્યક્રિયા અને અભ્યંતર ક્રિયા એટલે શું?

**ઉત્તરઃ**- ખરેખર જ્ઞાનની શુદ્ધ પર્યાય તે આત્માની અભ્યંતર ક્રિયા છે અને રાગ તે બાહ્યક્રિયા છે; અને ઉપચારથી રાગ તે અભ્યંતર ક્રિયા તથા શરીરાદિની ક્રિયા તે બાહ્યક્રિયા છે.

**૮ પ્રશ્ન**:- ચૈતન્યની ક્રિયા શેમાં હોય અને શેમાં ન હોય?

**ઉત્તર**:- ચૈતન્યની ક્રિયા ચૈતન્યમાં હોય અને ચૈતન્યની ક્રિયા જડમાં ન હોય.

**૯ પ્રશ્ન**:- ધર્મદ્રવ્ય એટલે શું?

**ઉત્તર**:- જે દ્રવ્ય ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ઉદાસીન નિમિત્ત છે તેને ધર્મદ્રવ્ય કહે છે?

**૧૦ પ્રશ્ન**:- માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત થાય છે તો પાણી ધર્મદ્રવ્ય છે કે નહિ?

**ઉત્તર**:- પાણી ધર્મદ્રવ્ય નથી, કેમ કે પાણી તો રૂપી વસ્તુ છે, રૂપીપણું તે પુદ્‌ગલનો ગુણ છે. ધર્મદ્રવ્ય તો અરૂપી છે.

**૧૧. પ્રશ્ન**:- પુદ્‌ગલ દ્રવ્ય કયા ગુણ વડે જાણે અને કયા ગુણ વડે જણાય?

**ઉત્તર**:- પુદ્‌ગલ દ્રવ્ય જડ છે તેથી તેનામાં જાણવાની શક્તિ નથી, તેના ‘પ્રમેયત્વ’ ગુણને લીધે તે જીવના જ્ઞાનમાં જણાય છે.

**૧૨ પ્રશ્ન**:- અગુરુલઘુત્વગુણ આપણને પ્રગટ છે કે નહિ?

**ઉત્તર**:- અગુરુલઘુત્વગુણ બે જાતના છે, એક અનુભવી અને બીજો પ્રતિજીવી; તેમાંથી અનુજીવી અગુરુલઘુત્વગુણ તો સામાન્ય હોવાથી બધાને પ્રગટે છે, પણ પ્રતિજીવી અગુરુલઘુત્વ ગુણ તે જીવદ્રવ્યનો વિશેષ ગુણ છે. આપણને તે ગુણ અત્યારે પ્રગટ નથી, સિદ્ધ દશામાં તે ગુણ પ્રગટે છે.

**૧૩ પ્રશ્ન**:- સાતા અને અસાતાના ઉદયના અભાવથી જીવને ક્યો ગુણ પ્રગટે?

**ઉત્તર**:- અવ્યાબાધ ગુણ પ્રગટે છે.

**૧૪ પ્રશ્ન**:- સિદ્ધને સાતા હોય કે ન હોય?

**ઉત્તર**:- સિદ્ધને સાતા–અસાતા એકેય ન હોય; છતાં તેમને પૂર્ણ આત્મિક સુખ હોય.

**૧૫ પ્રશ્ન**:- સિદ્ધને કર્મનો ઉદય આવે તો અવતાર લ્યે કે નહિ?

**ઉત્તર**:- સિદ્ધને કદાપિ કર્મના ઉદય આવે નહિ અને તેમને કદી પણ અવતાર હોય નહિ, એ તો જન્મ–મરણ રહિત થયા છે.

**૧૬ પ્રશ્ન**:- સમ્યગ્દર્શન છે તે પુણ્ય છે કે ગુણ છે?

**ઉત્તર**:- સમ્યગ્દર્શન તે પુણ્ય નથી પણ ધર્મ છે, અને તે ગુણ નથી. પણ શ્રદ્ધા ગુણની પર્યાય છે.

**૧૭ પ્રશ્ન**:- જ્યારે આત્માનો મોક્ષ થાય ત્યારે કેવો આકાર હોય?

**ઉત્તર**:- લગભગ છેલ્લા શરીર જેવો ( કાંઈક ઓછો ) આકાર હોય છે.

**૧૮ પ્રશ્ન**:- જગતમાં દ્રવ્ય કેટલાં? તેમાં સૌથી મોટું દ્રવ્ય કયું? સૌથી મહત્તાવાળું કયું? અને સૌથી નાનું કયું?

**ઉત્તરઃ**- જગતમાં છ દ્રવ્ય છે, આકાશદ્રવ્ય સૌથી મોટું દ્રવ્ય છે; જીવદ્રવ્ય સૌથી મહત્તાવાળું છે, કેમકે તેમ જ બધા દ્રવ્યોને જાણનાર છે; પુદ્‌ગલપરમાણુ તથા કાળાણું એ સૌથી નાના છે.

**૧૯ પ્રશ્નઃ**- હળવો સ્પર્શ તે અનુજીવી ગુણ કે પ્રતિજીવી ?

**ઉત્તરઃ**- હળવો સ્પર્શ તે ગુણ નથી, પર્યાય છે. પુદ્‌ગલ દ્રવ્યના સ્પર્શ નામના અનુજીવી ગુણની તે પર્યાય છે.

**૨૦ પ્રશ્નઃ**- સૂક્ષ્મત્વ એટલે શું ? સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ છે' એ વાક્ય બરાબર છે ?

**ઉત્તરઃ**- સૂક્ષ્મત્વ એટલે ઇન્દ્રિયોના વિષયરૂપ સ્થૂલતાનો અભાવ; સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ નથી પણ પ્રતિજીવી ગુણ છે.

**૨૧ પ્રશ્નઃ**- કાળદ્રવ્ય કોને કહે છે ?

**ઉત્તરઃ**- વસ્તુઓના પરિણમનમાં જે નિમિત્ત થાય તેને કાળ દ્રવ્ય કહેવાય છે. સમય, મિનિટ, કલાક વગેરે તેની પર્યાય છે.

**૨૨ પ્રશ્નઃ**- ચંદ્ર ઉગ્યો, સૂર્ય આથમ્યો–તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ કઈ રીતે છે તે ગોઠવો ?

**ઉત્તરઃ**- ચંદ્ર અને સૂર્ય બંને જાુદી જુદી વસ્તુ છે, ઉત્પાદ વ્યય–ધ્રુવ એક જ વસ્તુમાં હોય છે, બે જાુદી વસ્તુમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ લાગુ પડી શકે નહિ.

**૨૩ પ્રશ્નઃ**- જીવ દ્રવ્યમાં બે અગુરુલઘુત્વગુણો છે, તે સામાન્ય છે કે વિશેષ ? અને અનુભવી છે કે પ્રતિજીવી ?

**ઉત્તરઃ**- જીવ દ્રવ્યમાં એક અગુરુલઘુત્વગુણ સામાન્ય છે અને એક વિશેષ છે; તેમાંથી જે સામાન્ય છે અનુજીવી અને વિશેષ છે તે પ્રતિજીવી છે.

**૨૪ પ્રશ્નઃ**- ધર્માસ્તિકાય અહીંથી જિન મંદિર સુધી જાય તો તેમાં તેને કયું દ્રવ્ય નિમિત્ત થાય ?

**ઉત્તરઃ**- ધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિર છે, તે ગતિ કરતું જ નથી; પણ ગતિ કરનારો બીજાને નિમિત્ત થવારૂપે તે પરિણમે છે.

**૨૫ પ્રશ્નઃ**- નિગોદને સ્થાવર જીવ કહી શકાય કે નહિ ? અને સ્થાવર જીવને નિગોદ કહી શકાય કે નહિ ?

**ઉત્તરઃ**- નિગોદને સ્થાવર જીવ કહી શકાય છે પણ બધા સ્થાવરને નિગોદ કહી શકાતા નથી. નિગોદ સિવાય બીજા સ્થાવર પણ છે

**૨૬ પ્રશ્નઃ**- અસ્તિકાય કેટલા છે ? કેટલા નથી ?

**ઉત્તરઃ**- કાળ સિવાયના પાંચ દ્રવ્યો અસ્તિકાય છે; કાળ દ્રવ્ય અસ્તિકાય નથી એક પુદ્‌ગલ પરમાણુ પણ અસ્તિકાય નથી. પરંતુ તેનામાં સ્કંધરૂપ થવાની શક્તિ હોવાથી ને અસ્તિકાયમાં ગણાય છે.

**૨૭ પ્રશ્નઃ**- અસ્તિકાય તે દ્રવ્ય ગુણ છે, કે પર્યાય છે ?

**ઉત્તર:-** અસ્તિકાય તે અનેક પ્રદેશવાળું દ્રવ્ય છે. જે દ્રવ્ય અનેક પ્રદેશવાળું હોય તેને અસ્તિકાય કહેવાય છે.

**૨૮ પ્રશ્ન:-** વેદનીય કર્મના નાશથી ક્યો ગુણ પ્રગટે છે? તે અનુજીવી છે કે પ્રતિજીવી?

**ઉત્તર:-** અવ્યાબાધ ગુણ પ્રગટે છે, તે પ્રતિજીવી ગુણ છે.

**૨૯ પ્રશ્ન:-** અભયત્વ તે અનુજીવી છે કે પ્રતિજીવી?

**ઉત્તર:-** અભયત્વ તે અનુજીવી છે, કેમકે તે કોઈ પરના અભાવની અપેક્ષા રાખતું નથી.

**૩૦ પ્રશ્ન:-** કોઈ ત્યાગી હોય પણ મિથ્યાદ્રષ્ટિ હોય તેને વધારે પાપ કે લડાઈમાં ઉભેલા સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તીને વધારે પાપ?

**ઉત્તર:-** મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વનું અનંત પાપ ક્ષણે ક્ષણે લાગે છે અને સમ્યગ્દ્રષ્ટિને લડાઈ વખતે પણ તે અનંત પાપ તો ટળી જ ગયું છે તેથી તે બેમાંથી મિથ્યાદ્રષ્ટિને જ વધારે પાપ છે. મિથ્યાદ્રષ્ટિને સાચું મુનિપણું હોય નહિ.

(બાકીનો ભાગ આવતા અંકે)

હે જીવ! ત્રણ લોકમાં સૌથી ઉત્તમ મહિમાવંત પોતાનો આત્મા છે. તેને તું ઉપાદેય જાણ; એ મહા સુંદર ને સુખરૂપ છે. જગતમાં સર્વોત્કૃષ્ટ એવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મા જ તને આનંદરૂપ છે, કોઈ પરવસ્તુ તને આનંદરૂપ નથી. આત્માનો આનંદ જેણે અનુભવ્યો છે તે ધર્માત્માનું ચિત્ત બીજે ક્યાંય ઠરતું નથી, ફરી ફરીને આત્મા તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી, આત્માનું જીવન જેમાં નથી એવા પર દ્રવ્યોમાં ધર્મીનું ચિત્ત કેમ ચોંટે? આનંદનો સમુદ્ર જ્યાં દેખ્યો છે ત્યાં જ તેનું ચિત્ત ચોંટયું છે.

# અશુદ્ધતાને ટાળવાનો સાચો ઉપાય

( સમયસાર કલશટીકા-પ્રવચન ૨૧૮-૨૧૯-૨૨૦ )

* * *

શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો તે જ અશુદ્ધતા ટાળવાનો ઉપાય છે. પરદ્રવ્યથી રાગ–દ્વેષ માને તેને અશુદ્ધતા કદી મટે નહિ. જે પરને પોતાનું માને તેને અશુદ્ધતા ન થાય તો બીજું શું થાય? પરના કારણે જે અશુદ્ધતા માને તેને અશુદ્ધતા ટાળવાનો અવસર આવે નહિ, કેમકે અશુદ્ધતા પરથી માની એટલે અશુદ્ધતાને ટાળવા માટે તે પર સામે જ જોયા કરે, ને પર સામે જોયે અશુદ્ધતા કદી મટે નહિ. શુદ્ધસ્વભાવપણે પોતાને અનુભવે તો જ અશુદ્ધતા મટે. માટે શુદ્ધસ્વભાવનો અનુભવ કરવો તે જ અશુદ્ધતાને ટાળવાનો ઉપાય છે–એમ હે જીવ! તમે જાણો.

❄ ❄ ❄

जीव पुद्‌गल धर्म काल आकाशका अखंड धारारूप परिणाम अपने–अपने स्वरूपसे है ऐसा ही अनुभवमें निश्चित होता है और ऐसे ही वस्तु सधती है, अन्यथा विपरीत है।

વસ્તુસ્વરૂપની સાચી દૃષ્ટિ જોતાં દરેક દ્રવ્ય પોતે પોતાના પરિણામની અખંડધારામાં વર્તે છે, એટલે આત્માને રાગદ્વેષનું ઉત્પાદક અન્યદ્રવ્ય જરાપણ નથી. દ્રવ્ય જ પોતાની પરિણામધારામાં વર્તે છે ત્યાં બીજો તેમાં શું કરે? કાંઈ ન કરે,–આવું વસ્તુસ્વરૂપ નિશ્ચિત છે. અને આ રીતે જ વસ્તુ સધાય છે એટલે વસ્તુસ્વરૂપની સાચી શ્રદ્ધા થાય છે. આનાથી વિપરીત માને તો તે વસ્તુસ્વરૂપ નથી.

અનુભવથી એમ નક્કી થાય છે–એટલે કે

વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાનથી એમ નક્કી થાય છે કે દરેક વસ્તુની પર્યાય તેના પોતાથી થાય છે, વસ્તુ સત્ છે,–તો તેની પર્યાય તેનાથી હોય કે બીજાથી હોય? શું વસ્તુના પરિણામના પ્રવાહની ધારા કોઈથી તૂટી શકે છે? નહિ, તોપછી વસ્તુના પરિણામને બીજો કઈ રીતે કરે? કોઈ રીતે કરી શકે નહિ.

મારી પર્યાયનું કાર્ય મારું દ્રવ્ય કરે, મારી નિર્મળ પર્યાયની ધારારૂપે હું જ પરિણમું,–એમ નક્કી કરતાં સ્વભાવસન્મુખ જોવાનું રહ્યું ને પર સાથે એકત્વબુદ્ધિની મિથ્યા ભ્રાંતિ ટળી ગઈ. આમ વસ્તુસ્વરૂપના નિર્ણયથી મોક્ષમાર્ગ શરૂ થાય છે.–આ રીતે જ વસ્તુસ્વરૂપ સધાય છે; આનાથી બીજી રીતે માનવા જાય તો તેમાં વિપરીતતા છે.

રાગદ્વેષ પરને કારણે નથી, તેમજ તે શુદ્ધસત્તારૂપ વસ્તુ પણ નથી, એક ક્ષણિક અશુદ્ધપરિણતિ છે, ને તે ટળી શકે છે. જેમ જીવદ્રવ્ય શુદ્ધસત્તાસ્વરૂપ વિદ્યમાન વસ્તુ છે, તે કદી ટળે નહિ, તેમ રાગ દ્વેષ કાંઈ દ્રવ્યની જેમ સત્તારૂપ નથી, એ તો ક્ષણપૂરતા પરિણામ છે. જીવ પોતાના શુદ્ધદ્રવ્યની સન્મુખ થઈને સ્વભાવરૂપ પરિણમે ત્યાં રાગદ્વેષ મટી જાય છે. અને આમ થવાનું સુગમ છે, કાંઈ મુશ્કેલ કે અશક્ય નથી. जीव जो अपने स्वभावरूप परिणमे तो रागद्वेष सर्वथा मिटे। ऐसा होना सुगम है, कुछ मुश्किल नहीं है। ભૂતાર્થરૂપ જે સ્વભાવ તેના આશ્રયે અભૂતાર્થ એવી અશુદ્ધપરિણતિ મટે છે ને શુદ્ધપરિણતિ થાય છે.

અરે, હજી તો પરદ્રવ્ય પરિણતિને કરે, ને જીવ પરદ્રવ્યની પરિણતિને કરે, એવી વિપરીતબુદ્ધિમાં અટકયો તે જીવ સ્વભાવનો આશ્રય ક્યારે કરે? સ્વ–પરની એકતાબુદ્ધિ પણ નથી છોડતો તે અંદરમાં સ્વભાવ અને વિભાવ વચ્ચેનું સૂક્ષ્મ પૃથક્કરણ કઈ રીતે કરશે? ભાઈ તું રાગદ્વેષ અશુદ્ધતારૂપે પરિણમી રહ્યો છે તેને બદલે શુદ્ધતારૂપે પરિણમ, તો કોણ તને રોકે છે? કોઈ તને રોકતું નથી. તો શા માટે પરનો દોષ કાઢે છે?–માટે કહે છે કે–સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય રાગદ્વેષમોહાદિ અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તે ખરેખર વસ્તુસ્વરૂપ વિચારતાં જીવનો પોતાનો દોષ છે, કર્મ વગેરે પુદ્ગલનો તો તેમાં કાંઈ દોષ નથી. અજ્ઞાનથી અશુદ્ધતારૂપ પરિણમે છે તેને બદલે પોતે શુદ્ધપરિણતિરૂપ પરિણમે ને શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે તો કોણ તેને રોકે છે? કોઈ રોકતું નથી. તેમ અશુદ્ધતારૂપ પરિણમતાં કોઈ જીવને બીજું કોઈ અશુદ્ધપણે પરિણમાવતું નથી; શુદ્ધતામાં બીજાનો જરાય ટેકો નથી તેમ અશુદ્ધતામાં બીજાનો જરાય અપરાધ નથી. શુદ્ધતામાં કે અશુદ્ધતામાં જીવ પોતે જ સ્વયં પરિણમે છે. પણ આવો વસ્તુસ્વભાવ જેણે નક્કી કર્યો તેને તો સ્વદ્રવ્ય તરફના ઝુકાવથી શુદ્ધતારૂપ પરિણમન શરૂ થઈ જ જાય છે.

એમ વિદિત થાઓ કે, જીવ રાગાદિ અશુદ્ધતારૂપે પરિણમે છે તે જીવનો જ દોષ છે, પુદ્ગલદ્રવ્યનો દોષ નથી. માટે મોહાદિ અશુદ્ધપરિણતિનો નાશ થાઓ, ને 'હું શુદ્ધ ચૈતન્ય છું'–એમ સ્વભાવનો અનુભવ કરો.

જુઓ, અહીં સ્પષ્ટ જાહેર કરે છે કે, જીવ અજ્ઞાન ભાવે અશુદ્ધતારૂપ થાય છે તે અશુદ્ધતામાં, જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયનો કે શરીર–મન–વચનનો કે પાંચ ઇન્દ્રિયની ભોગસામગ્રી વગેરે અનેક સામગ્રીનો એ કોઈનો તો જરાક થોડોક પણ વાંક નથી. વાંક જીવના અજ્ઞાનનો જ છે. અજ્ઞાન છોડીને પોતે પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં જીવને અશુદ્ધતા થતી નથી. શુદ્ધસ્વરૂપના અનુભવથી શુદ્ધ– પરિણતિ થાય છે ને અશુદ્ધપરિણતિ ટળે છે.

અશુદ્ધતા કેમ થઈ ?

કે શુદ્ધઆત્માનો અનુભવ ન કર્યો તેથી અશુદ્ધતા થઈ.

તે અશુદ્ધતા કેમ ટળે ?

કે શુદ્ધ આત્માનો અનુભવ કરવાથી તે અશુદ્ધતા ટળે.

'હું તો શુદ્ધ જ્ઞાન છું' એવા અનુભવ વડે ધર્મી જીવ અશુદ્ધતાને અસ્ત કરે છે. અશુદ્ધતાનું મૂળકારણ અજ્ઞાન છે; જ્ઞાન થતાં તેનો અસ્ત થઈ ગયો.

જેમ પરદ્રવ્ય જીવને અંશમાત્ર દોષ કરાવતું નથી, તેમ વાણી–ઇન્દ્રિયો–શરીર કે બહારની સામગ્રી તે કોઈ પર દ્રવ્ય જીવને અંશમાત્ર ગુણ ઉપજાવતું નથી. વાણી આત્માને જ્ઞાન ઉપજાવે, કે નિંદાના શબ્દો આત્માને દ્વેષ ઉપજાવે–એમ જરાપણ નથી.

ધર્મી તો જાણે છે કે અહા, મારો આનંદ મારી પાસે મારામાં જ છે; બીજો કોઈ મને આનંદ આપવા સમર્થ નથી, કે બીજો કોઈ મારો આનંદ લૂંટવા સમર્થ નથી. કોઈ પ્રતિકૂળ સંયોગ આવીને મારા સ્વાનુભવના આનંદને લૂંટી જાય–એમ બની શકે નહિ, ને કોઈ અનુકૂળ સંયોગ આવીને મને આનંદ આપી શકે એમ પણ બની શકે નહિ જુઓ, આ સમ્યક્ અભિપ્રાયમાં સ્વભાવતરફના જોરથી વીતરાગતા ઘૂંટાય છે. આ જગતમાં કોઈ અનુકૂળ સંયોગ મને લલચાવીને રાગ ઉપજાવે, કે પ્રતિકૂળ સંયોગ મને ડરાવીને દ્વેષ ઉપજાવે એવું છે જ નહિ મારા પરિણામનો દોર મારા જ હાથમાં છે. મારા પરિણામનો દોર પરના હાથમાં નથી; મારા જેવા પરિણામ હું કરું તેવા થાય.

**પ્રશ્નઃ**- વિકાર કર્મનો ઉદય કરાવે, પણ તેને આત્માનો ન માનવો–એ વાત બરાબર છે ?

**ઉત્તરઃ**- એ બરાબર નથી. કર્મ જીવને વિકાર કરાવે–એ વાત સાચી નથી. કર્મે જીવને વિકાર કરાવ્યો–એમ જેણે માન્યું તેને તો જીવના પરિણામ અને કર્મના પરિણામ એકમેક માન્યા, એટલે બે દ્રવ્યમાં એકતાબદ્ધિ થઈ, એટલે તેને તો ભેદજ્ઞાન જ ન રહ્યું. જીવ મોહથી જ્યાં પરદ્રવ્યને પોતાનું માનીને અનુભવે ત્યાં તેને રાગદ્વેષમોહરૂપ અશુદ્ધ પરિણતિ થતાં કોણ રોકે ?

**પ્રશ્નઃ**- ઘણીવાર શાસ્ત્રમાં પણ કર્મના ઉદયથી વિકાર થવાનું કહ્યું છે ને ?

**ઉત્તરઃ**- એ નિમિત્તનું કથન છે. વિકાર જીવના શુદ્ધ સ્વરૂપના આશ્રયે ન થાય, તેથી

તેમાં બીજા નિમિત્તનું જ્ઞાન કરાવવા, કર્મના ઉદયથી થયો એમ કહ્યું. ખરેખર જીવે પોતાની અશુદ્ધ પરિણતિથી જ વિકાર કર્યો છે. વિકાર કરવામાં જીવના અજ્ઞાનનો જ અધિકાર છે, તેમાં પરનો અધિકાર નથી, ને શુદ્ધસ્વભાવનો અધિકાર નથી.

ક્યાંય શુદ્ધદ્રષ્ટિથી, જીવના શુદ્ધસ્વભાવમાં વિકારનું કર્તૃત્વ નથી–એમ બતાવવા તે વિકારને કર્મકૃત કહે છે. પણ તેને કર્મકૃત કહીને તે વિકારના કર્તૃત્વ વગરનો શુદ્ધ આત્મસ્વભાવ દેખાડવો છે. કાંઈ કર્મ વિકાર કરાવે છે માટે તેને તું ટાળી નહિ શકે–એમ કહેવાનો અભિપ્રાય નથી. વિકારનું કર્તૃત્વ તારા શુદ્ધ સ્વરૂપનું નથી માટે શુદ્ધસ્વરૂપનો અનુભવ કર તો વિકાર ટળી જશે, એમ સમજાવવાનો આશય છે.

અરે જીવ! તારા વિકારમાં પરનો દોષ કેવો? તારી પર્યાયમાં વિકાર તું કર ને દોષ બીજા માથે ઢોળ–એ તો અન્યાય છે, એમાં સ્વપરની એકતાબુદ્ધિરૂપ મોટો અપરાધ છે માટે તે મિથ્યાબુદ્ધિ છોડ. ને વિકાર વગરના તારા શુદ્ધાત્માને દેખ–અનુભવ, એ જ અશુદ્ધતાને ટાળવાનો ઉપાય છે.

પરના કારણે અશુદ્ધતા માને તેને અશુદ્ધતા ટાળવાનો અવસર આવે નહિ; કેમ કે અશુદ્ધતાને ટાળવા માટે તે પર સામે જ જોયા કરે, ને પર સામે જોયે અશુદ્ધતા કદી મટે નહિ.

પરને કારણે જો તું તારી પર્યાય થવાનું માન, તો આચાર્યદેવ કહે છે કે તું ખોટો છો. તારે સાચો થવું હોય તો પરથી ભિન્ન એવા તારા શુદ્ધ સ્વરૂપને દેખ. પરથી ગુણ–દોષ માને તે મિથ્યાદ્રષ્ટિજીવ પરદ્રવ્યને પોતાનું માન્યા વગર રહે જ નહિ, એટલે સ્વદ્રવ્યની શુદ્ધતાને તે અનુભવે નહિ.–એવા જીવને અશુદ્ધતા ન થાય તો બીજું શું થાય? શુદ્ધસ્વરૂપનો અનુભવ ન હોય ત્યાં અશુદ્ધતા થયા વગર રહે જ નહિ. તે અશુદ્ધતા ટાળવાનો ઉપાય શું? કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવો તે જ અશુદ્ધતા ટાળવાનો ઉપાય છે.

卐

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં દૂર થાય;
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

જ્યાં આત્મા પોતે પોતાના જ્ઞાન સ્વભાવના અનુભવમાં સમાયો ત્યાં વિભાવો વિરામ પામી ગયા. સ્વભાવનો ઉદય થયો ને વિભાવો થયા અસ્ત.

# મોક્ષમાર્ગની સરસ વાત

## શુદ્ધ નિશ્ચય-વ્યવહારને સમકિતી જ જાણે છે

## અધ્યાત્મપદ્ધત્તિથી મોક્ષ સધાય; બંધપદ્ધત્તિથી મોક્ષ ન સધાય

* * *

"સમ્યગ્દ્રષ્ટિ બાહ્ય ભાવને બાહ્ય નિમિત્તરૂપ, માને છે; તે નિમિત્તો અનેકરૂપ છે, એકરૂપ નથી, તેથી અંતરદ્રષ્ટિના પ્રમાણમાં તે મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર, અને શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય–આવા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે, મૂઢ જીવ તે જાણતો નથી ને માનતો પણ નથી. મૂઢ જીવ બંધપધ્ધત્તિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે છે પણ જ્ઞાતા તે વાત માને નહિ.–કેમ? કારણ કે બંધને સાધવાથી બંધ સધાય પણ મોક્ષ ન સધાય."

(પરમાર્થવચનિકા)

જુઓ, આ મોક્ષમાર્ગની સરસ વાત! ધર્મી જીવ કયા પ્રકારથી મોક્ષમાર્ગ સાધે છે ને અજ્ઞાની તેમાં શું ભૂલ કરે છે તે બતાવ્યું છે. ધર્મી જીવને સન્દેહરહિત સ્વાનુભવપૂર્વક દ્રઢ નિર્ણય છે કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, મારો મોક્ષમાર્ગ મારા જ્ઞાનસ્વરૂપના આશ્રયે જ છે. ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય તે મારો નિશ્ચય અને તેના આશ્રયે પ્રગટેલી શુધ્ધપર્યાય તે મારો વ્યવહાર; એ સિવાય રાગાદિ પરભાવો તે મારાથી બાહ્ય. જુઓ, અહીં વ્યવહાર ક્યો લીધો?–કે શુધ્ધ દ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે ધર્મીનો વ્યવહાર છે. અજ્ઞાનીને આવો વ્યવહાર હોતો નથી, ને આવા વ્યવહારને તે જાણતો પણ નથી.

શુધ્ધ દ્રવ્ય તે નિશ્ચય ને શુધ્ધ પરિણતિ તે વ્યવહાર, એમ કહીને નિશ્ચય–વ્યવહાર બંનેને એક જ વસ્તુના અંગ બતાવ્યા, અને રાગાદિ અન્ય ભાવોને વ્યવહાર ન કહ્યો પણ 'નિમિત્ત' કહીને તેને ભિન્ન બતાવ્યા. આમાં ઘણી સરસ વાત છે. આ વ્યવહાર પોતામાં છે ને નિમિત્ત પરમાં છે. નિશ્ચય–વ્યવહાર બંને એક પ્રકારનાં–એક જાતનાં છે, ને પરભાવરૂપ

નિમિત્તો તો અનેક પ્રકારનાં છે. જેને બાહ્ય દ્રવ્ય નિમિત્ત છે, તેના આધારે કાંઈ મોક્ષમાર્ગ નથી, તેમ અંદરનો શુભરાગ તે પણ બાહ્યદ્રવ્યની જેમ જ નિમિત્ત છે; તેના આધારે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગથી તો જેમ અન્ય દ્રવ્ય બાહ્ય (ભિન્ન) છે, તેમ શુભરાગ પણ બાહ્ય છે, ભિન્ન છે. અંતરદ્રષ્ટિ વડે ધર્મી જીવ આવા મોક્ષમાર્ગને સાધે છે. સ્વભાવની અંતરદ્રષ્ટિ પૂર્વક જ મોક્ષમાર્ગ સધાય છે, એ અંતર્દ્રષ્ટિ વગર મોક્ષમાર્ગ સધાતો નથી.

આવી અંતરદ્રષ્ટિ વગર અજ્ઞાની શુભરાગ કરે અને એ વ્યવહારરત્ન ત્રયાદિના શુભરાગને જ મોક્ષમાર્ગ માની લ્યે પણ એ કાંઈ મોક્ષમાર્ગ નથી, એ તો માત્ર ભ્રમ છે. સમ્યગ્દર્શન થાય ને સ્વાનુભવની પત્રિકા કણિકા જાગે ત્યારે જ મોક્ષમાર્ગ સાચો. એના વિના મોક્ષમાર્ગ ખોટો એટલે કે મોક્ષમાર્ગ નહિ. અરે, સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર, એકલા શુભરાગને મોક્ષમાર્ગ માનવો તે તો વીતરાગ જૈનમાર્ગની વિરાધના છે. જિન ભગવાને એવો મોક્ષમાર્ગ કહ્યો નથી. જિન ભગવાને તો સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે–કે જે સ્વાનુભવ પૂર્વક જ હોય છે. સ્વરૂપાચરણરૂપ ચારિત્ર તે પણ ચોથા ગુણસ્થાને સ્વાનુભવપૂર્વક જ પ્રગટે છે. સ્વાનુભવ વગર શું શુભરાગ કરતાં કરતાં મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ કદી બનતું નથી. અહીં તો કહે છે કે તે શુભરાગ બાહ્ય નિમિત્તરૂપ છે, અને તે પણ કોને ?–કે અંતરદ્રષ્ટિથી જે મોક્ષમાર્ગને સાધે છે તેને તે શુભભાવ બાહ્ય નિમિત્ત છે, અજ્ઞાનીને તો તે મોક્ષમાર્ગનું નિમિત્ત પણ નથી. ઉપાદાનમાં જ તે મોક્ષમાર્ગને નથી સાધતો પછી મોક્ષમાર્ગનું નિમિત્ત તેને કેવું ? અધ્યાત્મપધ્ધતિ જ તેને નથી, એકલી બંધપધ્ધતિમાં જ તે રાચી રહ્યો છે.

મોક્ષમાર્ગમાં વચ્ચે શુભરાગને નિમિત્તરૂપ કહ્યો, તે શુભરાગ બધા મોક્ષમાર્ગીને એક જ પ્રકારનો હોય–એમ નથી, તેમાં અનેક પ્રકારનો હોય છે. સ્વભાવના પરિણામ એક સરખા હોય પણ વિકારના પરિણામ બધાને એકસરખા ન હોય. દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એક સરખો છે; અખંડ અક્રિયા શુધ્ધ દ્રવ્ય તે નિશ્ચય, ને તેના આશ્રયે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. મોક્ષમાર્ગ એટલે નિશ્ચય–રત્નત્રયપરિણતિ, તે ધર્મીને વ્યવહાર છે. અને જે વ્યવહારરત્નત્રય (શુભરાગરૂપ) છે તે બાહ્યનિમિત્તરૂપ છે. અહીં મોક્ષમાર્ગપર્યાયને વ્યવહાર કહ્યો, આ મોક્ષમાર્ગ કાંઈ રાગવાળો નથી; વ્યવહારરત્નત્રય રાગરૂપ છે તે બંધપધ્ધત્તિમાં છે, ને નિશ્ચય રત્નત્રય મોક્ષમાર્ગપધ્ધતિમાં છે. મોક્ષમાર્ગનું ને નિશ્ચય–વ્યવહારનું આવું સ્વરૂપ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે; મૂઢ–અજ્ઞાનીને તેની ખબર પડતી નથી, અને સાંભળવામાં આવે તો પણ તેને એ વાત બેસતી નથી; એ તો બંધપધ્ધત્તિને (રાગને) સાધતો થકો

એને જ મોક્ષમાર્ગ માને છે. પણ જ્ઞાની એ વાત માને નહિ. ભાઈ, રાગ તો બંધભાવ છે, એના વડે મોક્ષ ક્યાંથી સધાય? અરે, બંધભાવ અને મોક્ષભાવ વચ્ચેનો પણ જેને વિવેક નથી એને શુધ્ધાત્માનું વીતરાગી સંવેદન ક્યાંથી થાય? અને સ્વાનુભવના કિરણ ફૂટયા વગર મોક્ષમાર્ગનો પ્રકાશ ક્યાંથી પ્રગટે? અજ્ઞાનીને સ્વાનુભવનો કણિયો પણ નથી, તો પછી મોક્ષમાર્ગ કેવો? સ્વાનુભવ વગર જે કાંઈ પણ ભાવ કરે તે બધાય ભાવો બંધપધ્ધત્તિમાં સમાય છે, તેનાથી બંધન સધાય છે, તે કોઈ ભાવ મોક્ષમાર્ગમાં આવતા નથી, તેનાથી મોક્ષ સધાતો નથી.

જેમ રાજમાર્ગની સીધી સડકમાં વચ્ચે કાંટા–કાંકરા ન હોય, તેમ મોક્ષનો આ સીધો–સ્પષ્ટ રાજમાર્ગ, તેમાં વચ્ચે રાગની રુચિરૂપ કાંટા–કાંકરા નથી. સંતોએ શુધ્ધપરિણતિરૂપ રાજમાર્ગે મોક્ષને સાધ્યો છે, ને એ જ માર્ગ જગતને દર્શાવ્યો છે.

**પ્રશ્નઃ-** આ રાજમાર્ગ છે તો બીજો કેડીમાર્ગ હશે ને?

**ઉત્તરઃ-** કેડીમાર્ગ તે કાંઈ રાજમાર્ગથી વિરુદ્ધ તો ન જ હોય. રાજમાર્ગ જતો હોય પૂર્વ તરફ ને કેડીમાર્ગ જાય પશ્ચિમમાં–એવું તો ન બને. ભલે કેડીમાર્ગ હોય પણ તેની દિશા તો રાજમાર્ગ તરફની જ હોય. તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન ઉપરાંત શુધ્ધોપયોગી ચારિત્ર દશા તે તો મોક્ષનો સીધો–રાજમાર્ગ છે, તેના વડે તે ભવે જ કેવળજ્ઞાન ને મોક્ષ પામી શકાય છે; અને એવી ચારિત્રદશા વગરના જે સમ્યગ્દર્શન–જ્ઞાન છે તે હજી અપૂર્ણમોક્ષમાર્ગ હોવાથી તેને કેડીમાર્ગ કહેવાય. તે એકાદ બે ભવમાં મોક્ષમાર્ગ પૂરો કરીને મોક્ષને સાધશે. પૂરો મોક્ષમાર્ગ કે અધૂરો મોક્ષમાર્ગ,–પણ એ બંનેની દિશા તો સ્વભાવ તરફની જ છે, રાગ તરફની એક્કેયની દિશા નથી. રાગાદિભાવો તો મોક્ષમાર્ગથી વિપરીત છે એટલે કે બંધમાર્ગ વડે મોક્ષમાર્ગ સધાય નહીં. મોક્ષમાર્ગના આશ્રયે બંધન ન થાય, ને બંધ માર્ગના આશ્રયે મોક્ષ ન થાય.

શું શુભરાગ તે મોક્ષનું કારણ થશે? તો કહે છે કે ના; રાગ વખતે રાગનો નિષેધ કરનારો ક્યો ભાવ છે? રાગનો નિષેધ કરનારો ભાવ જાગ્યા વગર વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગને સાધશે કોણ? રાગ વખતે તેનો નિષેધ કરનારા જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે તે જ મોક્ષમાર્ગ છે. આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જાગ્યા ત્યારે જ સાચો મોક્ષમાર્ગ શરૂ થયો. સમ્યગ્દ્રષ્ટિ સ્વાનુભવના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે. શુભરાગના પ્રમાણમાં કાંઈ મોક્ષમાર્ગ સધાતો નથી, એ તો બંધપધ્ધતિ છે.

"તો શું સમ્યગ્દૃષ્ટિ અધ્યાત્મના જ વિચારમાં રહેતા હશે? શું બંધપધ્ધત્તિના વિચાર જ તેમને આવતા નહિ હોય?" એમ કોઈને પ્રશ્ન ઊઠે તો તેનું સમાધાન કરતાં કહે છે કે–

જ્યારે જ્ઞાતા કદાચિત બંધપધ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે કે આ બંધપદ્ધતિથી મારું દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે; હવે એ પધ્ધતિનો મોહ તોડીને વર્ત. આ પધ્ધતિનો રાગ પૂર્વની જેમ હે નર! તું શા માટે કરે છે?–આમ ક્ષણમાત્ર પણ બંધપધ્ધતિને વિષે તે મગ્ન થાય નહિ. તે જ્ઞાતા પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે ગાવે, શ્રવણ કરે, તથા નવધાભક્તિ, તપ–ક્રિયા એ પોતાના શુધ્ધસ્વરૂપની સન્મુખ થઈને કરે,–એ જ્ઞાતાનો આચાર છે. એનું જ નામ મિશ્રવ્યવહાર છે."

જાુઓ, આ સાધક જીવનો વ્યવહાર ને એની વિચારશ્રેણી! એને સ્વભાવનો કેટલો રંગ છે! વારંવાર એનો જ વિચાર, એનું જ મનન, એના જ ધ્યાન–અનુભવનો અભ્યાસ, એનાં જ ગુણગાન ને એનું શ્રવણ, સર્વ પ્રકારે એની જ ભક્તિ; જે કાંઈ ક્રિયામાં પ્રવર્તે છે તેમાં સર્વત્ર શુધ્ધસ્વરૂપની સન્મુખતા મુખ્ય છે. એના વિચારમાં પણ સ્વરૂપના વિચારની મુખ્યતા છે, તેથી કહ્યું કે "જ્ઞાતા" કદાચિત' બંધપદ્ધત્તિનો વિચાર કરે"....ત્યારે પણ તેનાથી છૂટવાના જ વિચાર કરે છે. અજ્ઞાની તો બધુંય રાગની સન્મુખતાથી કરે છે, શુદ્ધસ્વરૂપની સન્મુખતા તેને નથી. તે કર્મબંધન વગેરેના વિચાર કરે તો તેમાં જ મગ્ન થઈ જાય છે ને અધ્યાત્મ તો એકકોર રહી જાય છે. અરે ભાઈ એવી બંધપદ્ધત્તિમાં તો અનાદિથી તું વર્તી જ રહ્યો છે.....હવે તો એનો મોહ છોડ. અનાદિથી એ પદ્ધત્તિમાં તારું જરાય હિત ન થયું, માટે એનો મોહ તોડીને હવે તો અધ્યાત્મપદ્ધતિ પ્રગટ કર. જ્ઞાનીએ તે તેનો મોહ તોડયો જ છે ને અધ્યાત્મપદ્ધતિ કરી છે, પણ હજી રાગની કંઈક પરંપરા બાકી છે તેને અધ્યાત્મની ઉગ્રતા વડે છેદવા માંગે છે. એટલે રાગની પદ્ધત્તિમાં તે એકક્ષણ પણ મગ્ન થતો નથી.–જાુઓ, આ મોક્ષના સાધકની દશા! તું રુચતાં જગતની રુચિ આળસે સૌ'...શુદ્ધઆત્મારૂપ સમયસારની જ્યાં રુચિ થઈ ત્યાં પરભાવની રુચિ રહે નહિ; અરે, જગત આખાની રુચિ છૂટી જાય. જેને અંશમાત્ર પણ રાગની રુચિ રહે તેના પરિણામ ચૈતન્ય તરફ વળી શકે નહિ, ને મોક્ષમાર્ગને તે સાધી શકે નહિ.

રાગની રુચિ છોડીને ધર્મી જીવ ચૈતન્યના પ્રેમમાં એવો મગ્ન છે કે વારંવાર તેનું જ સ્વરૂપ વિચારે છે, ઉપયોગને ફરીફરી આત્મા તરફ વાળે છે, ક્યારેક નિર્વિકલ્પ અનુભવ કરે છે, એકાગ્રતાથી એને ધ્યાવે છે. 'ચેતનરૂપ અનુપ અમૂરત.....સિદ્ધસમાન સદા પદ મેરો'–એમ સિદ્ધ જેવા નિજસ્વરૂપનો અનુભવ કરે છે; એની વાત સાંભળતાં પણ તે ઉત્સાહિત થાય છે. એનાં ગુણગાન ને મહિમા કરતાં તે ઉલ્લસિત થાય છે. અહા, મારી

ચૈતન્યવસ્તુ અચિંત્ય મહિમાવંત, એની પાસે રાગાદિ પરભાવો તો અવસ્તુ છે,–એ અવસ્તુની રુચિ કોણ કરે? એનો મહિમા, એનાં ગુણગાન કોણ કરે? સમ્યગ્દ્રષ્ટિ તો પોતાના શુદ્ધસ્વરૂપની ભક્તિ કરે છે. શુભરાગ અને સાથે ભૂમિકાયોગ્ય શુદ્ધપરિણતિ તે જ્ઞાનીનો આચાર છે, તેનું નામ મિશ્રવ્યવહાર છે. મિશ્ર એટલે કંઈક અશુદ્ધતા ને જે શુદ્ધતા; તેમાં જે અશુદ્ધઅંશ છે તે ધર્મીને આસ્રવ–બંધનું કારણ છે ને જે શુદ્ધઅંશ છે તે સંવર–નિર્જરાનું કારણ છે.–આ રીતે આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા એ ચારે ભાવો ધર્મીને એક સાથે વર્તે છે. અજ્ઞાનીને મિશ્રભાવ નથી, એને તો એકલી અશુદ્ધતા છે; સર્વજ્ઞને મિશ્રભાવ નથી, એમને એકલી શુદ્ધતા છે. મિશ્રભાવ સાધકદશામાં છે. તેમાં શુદ્ધપરિણતિઅનુસાર તે મોક્ષમાર્ગને સાધે છે.–એમ જાણવું.

અહા, ધર્માત્માની આ અધ્યાત્મકળા...અલૌકિક છે....આવી અધ્યાત્મકળા શીખવા જેવી છે, ને એનો પ્રચાર કરવા જેવું છે. ખરું સુખ આ અધ્યાત્મકળાથી જ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મ વિદ્યા સિવાય બીજી લૌકિક વિદ્યાઓની કિંમત ધર્મમાં કાંઈ નથી. सा विद्या या विभुक्तये–આત્માને મોક્ષનું કારણ ન થાય એવી વિદ્યાને તે વિદ્યા કોણ કહે?–વિદ્યાહીન હોય તે કહે!

જેણે અધ્યાત્મવિદ્યા જાણી છે એવા જ્ઞાનીને મિશ્રવ્યવહાર કહ્યો, એટલે શુદ્ધતા ને અશુદ્ધતા બંને એક સાથે તેને છે, પણ તેથી કાંઈ તે શુદ્ધતા ને અશુદ્ધતા એકબીજામાં ભળી જતાં નથી. જે શુદ્ધતા છે તે કાંઈ અશુદ્ધતારૂપ થઈ જતી નથી, ને જે અશુદ્ધતા (રાગાદિ) છે તે કાંઈ શુદ્ધતારૂપ થઈ જતી નથી. એકસાથે હોવા છતાં બંનેની જુદી જુદી ધારા છે. આ રીતે 'મિશ્ર' એ બંનેનું જુદાપણું બતાવે છે, એકપણું નહિ. તેમાંથી જે શુદ્ધતા છે તેના વડે ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે.

**વસ્ત્ર અને શરીર**



**શરીર અને આત્મા**



ભેદજ્ઞાન માટે આ દ્રષ્ટાંત છે

–અને આ સિદ્ધાન્ત છે.

આપને આ ચિત્રોમાં સમજાય છે કાંઈ!

–નહિતર આવતા અંકમાં ગુરુદેવનું પ્રવચન વાંચવાથી બરાબર સમજાશે.




## તમારો પત્ર મળ્યો-

પ્રિય બાલબંધુઓ,

તમારા તરફથી સેંકડો પત્રો મળ્યા છે, તેમાંથી ઘણા પત્રોમાં પ્રશ્ન પણ પૂછેલા છે. એ બધાયના જવાબ આગામી અંકમાં આપીશું. હમણાં તો તમે બધા પણ પરીક્ષાની તૈયારીમાં છો છતાં પણ તમે બાલવિભાગને તો નથી જ ભૂલ્યા એની મને ખાતરી છે. આવતા મહિને વૈશાખ સુખ બીજે ગુરુદેવના જન્મોત્સવ વખતે જે આત્મધર્મ પ્રસિદ્ધ થશે તેમાં તમારા બધાના જવાબો વાંચીને તમને જરૂર આનંદ થશે. ત્યાં સુધી ધીરજ રાખશો અને નવા પત્રોનો હૂમલો હમણાં બંધ રાખશો. વૈશાખ સુદ બીજ પછી તમારે જેટલું લખવું હોય તેટલું ખુશીથી લખજો. હા, કોઈને નવા સભ્ય થવાનું હોય તો તે ખુશીથી લખે.

–તમારો ભાઈ,

## અમે બાળવિભાગનાં સભ્યો

‘બાલવિભાગ’ બધા બાળકોને ખૂબ જ ગમ્યો છે, જિનવરનાં સંતાન થવું કોને ન ગમે? રોજેરોજ નવાનવા સભ્યો આવતા જાય છે. સભ્ય નં. ૩૨૨ સુધીનાં નામ આત્મધર્મમાં આવી ગયા છે. ત્યારપછી તા. ૮–૩–૬૬ સુધીમાં મળેલા બધા નામો અહીં આપ્યા છે. કોઈ સભ્યનું નામ રહી ગયું હોય તો ફરીને અમને લખી મોકલશો. તમારો સભ્ય નંબર યાદ રાખશો અને દરેક વખતે લખશો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૩ | પ્રદીપકુમાર ચંદુલાલ જૈન | મોરબી | ૩૨૮ | ભાવના અંબાલાલ જૈન | વીંછીયા |
| ૩૨૪ | નરેશ મીઠાલાલ જૈન | જંત્રાલ | ૩૨૯ | જયેન્દ્ર પ્રાણલાલ જૈન | ” |
| ૩૨૫ | શોભના મથુરદાસ જૈન | જામનગર | ૩૩૦ | લલીત પ્રાણલાલ જૈન | ” |
| ૩૨૬ | સ્મિતા દામોદરદાસ જૈન | અમદાવાદ | ૩૩૧ | બકુલ પ્રાણલાલ જૈન | ” |
| ૩૨૭ | આશા અંબાલાલ જૈન | વીંછીયા | ૩૩૨ | નયના પ્રાણલાલ જૈન | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૩ | સરોજ ભીખાલાલ જૈન | ગઢડા | ૩૬૭ | મયુરી જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૩૩૪ | મહેન્દ્ર ભીખાલાલ જૈન | ” | ૩૬૮ | બીના છબીલદાસ જૈન | વઢવાણ શહેર |
| ૩૩૫ | ઈલા ભીખાલાલ જૈન | ” | ૩૬૯ | ભૂપતલાલ મોહનલાલ જૈન | બગસરા |
| ૩૩૬ | મુકેશ ભીખાલાલ જૈન | ” | ૩૭૦ | અર્ચનાબેન સી. જૈન | મુંબઈ |
| ૩૩૭ | કંચનબેન સોમચંદ જૈન | તલોદ | ૩૭૧ | ભરત ઈશ્વરલાલ જૈન | જામનગર |
| ૩૩૮ | અતુલ અનંતરાય જૈન | સોનગઢ | ૩૭૨ | જયેશ વૃજલાલ જૈન | અમદાવાદ |
| ૩૩૯ | દીપક મનસુખલાલ જૈન | ગોંડલ | ૩૭૩ | માલતી વૃજલાલ જૈન | ” |
| ૩૪૦ | જયેશ જયંતીલાલ જૈન | વઢવાણ | ૩૭૪ | ભોપાભાઈ મોતીલાલ જૈન | લીમડી |
| ૩૪૧ | કલ્પના જયંતીલાલ જૈન | વઢવાણ | ૩૭૫ | કાન્તિલાલ મનજીભાઈ જૈન | દામનગર |
| ૩૪૨ | મુન્ના જયંતિલાલ જૈન | ભીવન્ડી | ૩૭૬ | અરુણા શાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૩૪૩ | મહેશ વેણીલાલ જૈન | મુંબઈ–૩ | ૩૭૭ | રાજેશ મનસુખલાલ જૈન | ગોંડલ |
| ૩૪૪ | વસંતલાલ મગનલાલ જૈન | ચોરવાડ | ૩૭૮ | નરેશ મનસુખલાલ જૈન | ” |
| ૩૪૫ | શરદ વિજયલાલ જૈન | મુંબઈ–૧૯ | ૩૭૯ | રાજેન્દ્ર વસંતલાલ જૈન | અમદાવાદ |
| ૩૪૬ | જયશ્રી ચીમનલાલ જૈન | વીંછીયા | ૩૮૦ | દિપિકાબેન વીરચંદ જૈન | મુડેટી |
| ૩૪૭ | મીનાક્ષી ચીમનલાલ જૈન | ” | ૩૮૧ | જીલકર એસ. વોરા | રાજકોટ |
| ૩૪૮ | શાંતિલાલ ચીમનલાલ જૈન | જાવરા | ૩૮૨ | પ્રદીપ શાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૩૪૯ | ગીરીશચંદ્ર છોટાલાલ જૈન | લાઠી | ૩૮૩ | જિતેન્દ્ર શાંતિલાલ જૈન | ” |
| ૩૫૦ | કમલેશ નાગરદાસ જૈન | કલકત્તા | ૩૮૪ | ભારતી પ્રેમચંદ જૈન | સુરત |
| ૩૫૧ | દીનકર નવરંગલાલ જૈન | લાઠી | ૩૮૫ | અતુલ પ્રેમચંદ જૈન | સુરત |
| ૩૫૨ | વસુમતી નવરંગલાલજૈન | ” | ૩૮૬ | રંજન મનસુખલાલ જૈન | ચોટીલા |
| ૩૫૩ | ચદ્રકાંત કેશવલાલજૈન | રમોસ | ૩૮૭ | નીલા મહાસુખલાલજૈન | ચોટીલા |
| ૩૫૪ | મહેન્દ્ર કેશવલાલ જૈન | ” | ૩૮૮ | દીનામનસુખલાલ જૈન | ” |
| ૩૫૫ | કનૈયાલાલ ચુનીલાલ જૈન | ” | ૩૮૯ | રાજેન્દ્ર મહાસુખલાલ જૈન | ” |
| ૩૫૬ | નવીન દામોદરદાસ જૈન | અમદાવાદ | ૩૯૦ | ગુણવંત મીઠાલાલ જૈન | સોનાસણ |
| ૩૫૭ | યોગેશ દામોદરદાસ જેન | ” | ૩૯૧ | महावीरकुमार रतनलाल जैन | कोटा |
| ૩૫૮ | સ્મીતા દામોદરદાસ જૈન | ” | ૩૯૨ | વિકાસ વૃજલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૩૫૯ | પ્રજ્ઞા ત્રિભોવનદાસ જૈન | રાજકોટ | ૩૯૩ | ચેતનકુમાર વૃજલાલજૈન | ” |
| ૩૬૦ | બિપિન ત્રિભોવનદાસ જૈન | ” | ૩૯૪ | કિશોરકુમાર શ્યામદેવ | ઉમરાળા |
| ૩૬૧ | ભરત ત્રિભોવનદાસ જૈન | ” | ૩૯૫ | मायाबेन जैन | खंडवा |
| ૩૬૨ | ધનરાજ ત્રિભોવનદાસ જૈન | ” | ૩૯૬ | राजाबहादुर फकीरचंद जैन | ” |
| ૩૬૩ | સુગીકુમાર માણેકલાલ જૈન | મુબઈ–૨ | ૩૯૭ | दिलीपकुमार फकीरचंद जैन | ” |
| ૩૬૪ | વિદેહી માણેકલાલ જૈન | ” | ૩૯૮ | मधुबाला फकीरचंद जैन | ” |
| ૩૬૫ | રેખાબેન શાંતિલાલ જૈન | મુંબઈ–૩ | ૩૯૯ | इन्द्रकुमार जैन | इन्दौर |
| ૩૬૬ | રમેશ ચંદુલાલ જૈન | અમદાવાદ | ૪૦૦ | ગીતા નંદલાલ જૈન | ઉમરાળા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૦૧ | જાગૃતિબેન રતિલાલ જૈન | મુંબઈ–૪ | ૪૩૫ | શરદચંદ્ર નગીનદાસ જૈન | ધંધુકા |
| ૪૦૨ | મુકેશ ચંદ્રકાન્ત જૈન | મુંબઈ–૬૪ | ૪૩૬ | અરવિંદ ધરમચંદ જૈન | ચોરીવાડ |
| ૪૦૩ | ચેતના ચંદ્રકાંત જૈન | ” | ૪૩૭ | જયબાળા વૃજલાલ જૈન | સોનગઢ |
| ૪૦૪ | રોહિત રતિલાલ જૈન | ” | ૪૩૮ | અજિતકુમાર વૃજલાલ જૈન | ” |
| ૪૦૫ | જાગૃતિ અશ્વિનકુમાર જૈન | અમદાવાદ | ૪૩૯ | કુંદન મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૪૦૬ | પ્રીતિ અશ્વિનકુમાર જૈન | ” | ૪૪૦ | પંકજ મનસુખલાલ જૈન | ” |
| ૪૦૭ | શૈલેષ જયંતિલાલ જૈન | દાહોદ | ૪૪૧ | જયશ્રી મનસુખલાલ જૈન | ” |
| ૪૦૮ | ભરત કાંતિલાલ | મદ્રાસ | ૪૪૨ | દેવીકા મનસુખલાલ જૈન | ” |
| ૪૦૯ | અશ્વિન કાંતિલાલ જૈન | ” | ૪૪૩ | નરેન્દ્ર હરગોવિંદદાસ જૈન | ” |
| ૪૧૦ | નવનીત હરજીવનદાસ જૈન | અમદાવાદ | ૩૪૪ | શશિકલા મગનલાલ જૈન | મોણપર મોટી |
| ૪૧૧ | વિનય હરજીવનદાસ જૈન | ” | ૩૪૫ | પ્રવીણ છોટાલાલ જૈન | અમદાવાદ |
| ૪૧૨ | યોગેન્દ્ર માનમલ જૈન | ઈન્દોર | ૩૪૬ | પ્રથમેશ હિંમતલાલ જૈન | ” |
| ૪૧૩ | પંકજ રવિચંદ જૈન | અમદાવાદ | ૩૪૭ | વિમલેશ હિંમતલાલ જૈન | ” |
| ૪૧૪ | વિજય હરગોવિંદદાસ જૈન | ભાવનગર | ૪૪૮ | માલતી ઉમેદલાલ જૈન | રાજકોટ |
| ૪૧૫ | મુકુન્દ સોમચંદ જૈન | જામનગર | ૪૪૯ | જાગૃતી ઉમેદલાલ જૈન | ” |
| ૪૧૬ | હંસા એન. જૈન | પુના | ૪૫૦ | વિજય ચંદુલાલ જૈન | ” |
| ૪૧૭ | શ્રીકાન્ત નાનાલાલ જૈન | ” | ૪૫૧ | હર્ષદા ચંદુલાલ જૈન | ” |
| ૪૧૮ | આશાબેન જયંતિલાલ જૈન | વલસાડ | ૪૫૨ | શૈલેષકુમાર ધીરજલાલ જૈન | લાઠી |
| ૪૧૯ | મંજરી પ્રાણલાલ જૈન | જામનગર | ૪૫૩ | પ્રકાશકુમાર હિંમતલાલ જૈન | ” |
| ૪૨૧-અ | આશા પ્રાણલાલ જૈન | ” | ૪૫૪ | જ્યોતિકા ચંદુલાલ જૈન | અમદાવાદ |
| ૪૨૧-બ | અજીતલાલ પ્રાણલાલ જૈન | ” | ૪૫૫ | ચૈતન્યકુમાર પ્રેમચંદ જૈન | લાઠી |
| ૪૨૨ | चेतनाकुमारी जैन | उदयपुर | ૪૫૬ | પરીન્દા પ્રેમચંદ જૈન | ” |
| ૪૨૩ | જિતેન્દ્ર રસિકલાલ જૈન | રાજકોટ | ૪૫૭ | શમીક્ષા કેશવલાલ જૈન | જંત્રાલ |
| ૪૨૪ | દિપક રસિકલાલ જૈન | ” | ૪૫૮ | ઈંદીરાબેન શાખચંદ જૈન | ” |
| ૪૨૫ | ચંદ્રકાંત રસિકલાલ જૈન | ” | ૪૫૯ | કીરતિકુમાર કેશવલાલજૈન | ” |
| ૪૨૬ | દિપક રમણીકલાલ જૈન | ગઢડા | ૪૬૦ | ભારતીબેન નંદલાલ જૈન | લીંબડી |
| ૪૨૭ | નીતિન રમણીકલાલ જૈન | ” | ૪૬૧ | નિરંજનકુમાર હિંમતલાલ જૈન | મહેસાણા |
| ૪૨૮ | દિનેશ કલ્યાણચંદ જૈન | મુંબઈ–૩ | ૪૬૨ | જયેશકુમાર હિંમતલાલ જૈન | ” |
| ૪૨૯ | રમીલા જમનાદાસ જૈન | ” | ૪૬૩ | કુસુમબેન ભાઈચંદ જૈન | ફત્તેપુર |
| ૪૩૦ | પ્રવીણચંદ્ર ચંપકલાલ જૈન | બોટાદ | ૪૬૪ | કીર્તિકુમાર ભાઈચંદ જૈન | ફત્તેપુર |
| ૪૩૧ | પ્રદીપકુમાર પ્રાણલાલ જૈન | મુંબઈ–૭૮ | ૪૬૫ | રમેશકુમાર કાન્તિલાલ જૈન | ” |
| ૪૩૨ | પંકજકુમાર પ્રાણલાલ જૈન | ” | ૪૬૬ | સરોજબેન અમૃતલાલ જૈન | ” |
| ૪૩૩ | વિનોદચંદ્ર નગીનદાસ જૈન | ધંધુકા | ૪૬૭ | જગદીશકુમાર મીઠાલાલ જૈન | ” |
| ૪૩૪ | પ્રકાશચંદ્ર નગીનદાસ જૈન | ” | ૪૬૮ | સુલોચના મીઠાલાલ જૈન | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૬૯ | अविचल त्रिलोकचन्द जैन | इन्दोर | ૪૯૨ | विमलाकुमारी जैन | ” |
| ૪૭૦ | ममताबेन जैन | खंडवा | ૪૯૩ | प्रेमलता जैन | ” |
| ૪૭૧ | सुमनकुमारी शांतिकुमार जैन | पायगढ | ૪૯૪ | लीलाकुमारी जैन | ” |
| ૪૭૨ | રાજેન પ્રફુલચંદ્ર જૈન | જમશેદપુર | ૪૯૫ | प्रीतमकुमारी जैन | ” |
| ૪૭૩ | જયશ્રી અનોપચંદ જૈન | રાંચી | ૪૯૬ | कमलाकुमारी सोभागमलजी जैन | ” |
| ૪૭૪ | ગુણવંત ચીમનલાલ જૈન | હિંમતનગર | ૪૯૭ | कमलाकुमारी सूरजमलजी जैन | ” |
| ૪૭૫ | અનિલ ચીમનલાલ જૈન | ” | ૪૯૮ | सोभागकुमारी जैन | ” |
| ૪૭૬ | નિપુર્ણા ચીમનલાલ જૈન | ” | ૪૯૯ | शान्ताकुमारी जैन | ” |
| ૪૭૭ | અશોક નંદલાલ જૈન | વઢવાણ શહેર | ૫૦૦ | पतासी जैन | ” |
| ૪૭૮ | उमरावकुमारी जैन | बडी सादडी | ૫૦૧ | कान्ताकुमारी जैन | ” |
| ૪૭૯ | मुन्नाकुमारी अेम जैन | ” | ૫૦૨ | અતુલ મુકુન્દરાય જૈન | મુંબઈ–૨ |
| ૪૮૦ | मुन्नाकुमारी जी जैन | ” | ૫૦૩ | પ્રદીપ મુકુન્દરાય જૈન | ” |
| ૪૮૧ | देवकुमारी जी जैन | ” | ૫૦૪ | નિરૂપમ મુકુન્દરાય જૈન | ” |
| ૪૮૨ | सुशीलाकुमारी के जैन | ” | ૫૦૫ | પંકજ મુકુન્દરાય જૈન | ” |
| ૪૮૩ | शुशीलाकुमारी वी. जैन | ” | ૫૦૬ | વર્ષા મુકુન્દરાય જૈન | ” |
| ૪૮૪ | कौशल्याकुमारी जैन | ” | ૫૦૭ | મુદુલા ભૂરાલાલ જૈન | ગઢડા |
| ૪૮૫ | भमिताकुमारी जैन | ” | ૫૦૮ | મહેન્દ્ર ભૂરાલાલ જૈન | ” |
| ૪૮૬ | कमलाकुमारी जैन | ” | ૫૦૯ | ચંદ્રકાન્ત રસિકલાલ જૈન | ” |
| ૪૮૭ | निर्मलाकुमारी जैन | ” | ૫૧૦ | નીતિન રમણીકલાલ જૈન | ” |
| ૪૮૮ | कान्ताबहन जैन | ” | ૫૧૧ | દિપક રમણીકલાલ જૈન | ” |
| ૪૮૯ | रतनप्रभा जैन | ” | ૫૧૨ | જિતેન્દ્ર રસિકલાલ જૈન | ” |
| ૪૯૦ | इन्दुबाला जैन | ” | ૫૧૩ | દીપક રસિકલાલ જૈન | ” |
| ૪૯૧ | निर्मलाकुमारी जैन | ” | ૫૧૪ | સુલોચના ચંદુલાલ જૈન | ફત્તેપુર |

તા. ૮–૨–૬૬ (ફાગણ વદ ૨) સુધીમાં થયેલા બાલવિભાગના સભ્યોનાં નામ અહીં આપ્યા છે. બધાય ઉત્સાહી બાલસભ્યોને ધન્યવાદ! કોઈનું નામ રહી ગયું હોય તો ફરીને લખજો. ૫૦૬ નંબર સુધીના બધા બાળકોને ‘દર્શનકથા’ નું ભેટપુસ્તક મોકલાઈ ગયું છે. બધાયને તે વાર્તા ગમી હશે, ને સો જિનેન્દ્ર ભગવાનના દર્શન હોંશથી કરતા હશો. બાલવિભાગના સભ્ય હજી પણ થઈ શકાય છે. તે માટે તમારું નામ, સરનામું, ઉમર, અભ્યાસ ને જન્મદિવસ–(સંપાદક આત્મધર્મ–સોનગઢ, સૌરાષ્ટ્ર એ સરનામે) લખી મોકલે.

# વાંચકો સાથે વાતચીત

હજારો જિજ્ઞાસુઓ આત્મધર્મનું પઠન કરે છે; તેમની સાથે સીધો સંપર્ક રહે અને જિજ્ઞાસુઓ એકબીજાના વિચારોથી પરિચિત રહે તે હેતુથી આ વિભાગ ચાલુ કરવામાં આવ્યો છે. આ વિભાગ જિજ્ઞાસુઓને ગમ્યો છે, ને ઘણા પત્રો તેમજ પ્રશ્નો આવી રહ્યા છે; તેમાંથી 'આત્મધર્મ' ને માટે યોગ્ય લાગે તે અહીં રજુ કરવામાં આવે છે.

卐

**ચીમનલાલ તુલસીદાસ જૈન (વઢવાણ)** : માહ માસના મંગલ દિવસો આપને ગમ્યા તે બદલ ધન્યવાદ! આ રીતે દરેક મહિનાના મંગલ દિવસો આપીશું. પરંતુ દેહમાન–આયુ–માતાપિતા–જન્મનગરી વગેરે બધી વિગતો આપવા આપે સૂચવ્યું, તે તો આપણે અનુક્રમે ૨૪ તીર્થંકરોના જીવનચરિત્ર પ્રસિદ્ધ કરીશું ત્યારે તેમાં જણાવીશું. ત્યાર પહેલાં જાણવાની ઈચ્છા હોય તો મહાપુરાણમાંથી, અગર ત્રિલોકપણ્ણત્તિમાંથી જાણી લેવું જોઈએ પૂજનના પુસ્તકમાં પણ ઘણખરી વિગતો આવે છે.

**નીલાબેન જૈન (અમદાવાદ)** :- બાલવિભાગમાં અમે ૧ થી ૧૦ શીખવીએ ત્યાર પહેલાં જ તમે ધર્મનો કક્કો લખી મોકલવા જણાવ્યું ને થોડુક લખી મોકલ્યું તે બદલ ધન્યવાદ! અમને નિશાળમાં પહેલાં ૧ થી ૧૦૦ શીખવતા ને પછી કક્કો ભણાવતા; એટલે આપણે આત્મધર્મમાં પણ એ જ ક્રમ રાખેલ છે. બેન, તમે કક્કો લખવાની હોંશ તો કરી પણ તમને પોતાને હજી કક્કો બરાબર નથી આવડતો, તમ 'ચ' પછી 'ડ' લખ્યો છે, પણ 'ચ' પછી 'છ' આવે, 'ડ' નહીં (જો કે ઘણાય મેટ્રીકવાળાને ય આજે તો કક્કો નથી આવડતો!) છતાં તમારો લખેલો પહેલો અક્ષર 'ક' અહીં આપીએ છીએ–" ક કહે છે: કર આત્માનું ધ્યાન.....ને કેવળજ્ઞાન પામ" (આખો કક્કો ખુશીથી લખી મોકલજો; સારૂં લાગશે તેટલું લેશું.)

ઘણા સભ્યો બધા વચ્ચે એક જવાબ લખી મોકલે છે, તો અમે ઈનામ મોકલતી વખતે પણ એ બધા વચ્ચે એક ઈનામ મોકલીએ તો ચાલશેને? દરેક સભ્યે પોતાના હસ્તાક્ષરમાં લખવાનું છે.

卐

# એક કોલેજિયનનો પત્ર

## ( જે અમારા બાલવિભાગના સભ્ય છે )

( કોલેજમાં ભણતા યુવોનોને ધર્મમાં રસ નથી હોતો–એવી એક ધારણા કેટલાક લોકોમાં વર્તે છે, પરંતુ અમારા બાલવિભાગના સભ્ય નંબર ૬ નો અહીં રજુ થતો પત્ર તે ધારણાને જુદી પાડે છે. પત્રલેખક ભાઈ ૨૦–૨૨ વર્ષની વયના છે ને શ્રીમંત પિતાના એકના એક પુત્ર છે; મુંબઈ જેવા શહેરની કોલેજમાં એન્જીનીયરીંગના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.–અને છતાં સાથે ધર્મના વિષયમાં પણ કેવો રસ છે–તે અહીં રજુ થતા તેમના પત્રમાં દેખાશે. બાલવિભાગમાં પૂછાયેલા ૩ પ્રશ્નોના જવાબરૂપે તેમણે લખેલો પત્ર ધન્યવાદ સાથે અહીં અક્ષરશઃ પ્રગટ કર્યો છે. બાલવિભાગના ૫૦૦ ઉપરાંત સભ્યોમાં કોલેજિયનો પણ ઘણા છે, ને બાલમંદિરમાં ભણતા બાળકો પણ છે. બધા સભ્યો બાલવિભાગમાં બહુ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. )

( પત્ર ) મુંબઈ તા. ૩૧–૧–૬૯

ગયા અંકથી આત્મધર્મમાં બાલવિભાગ શરૂ થયો છે તે વાંચી આનંદ. તેમાં પૂછેલા પ્રશ્નોના જવાબ આપવાથી અમારા જેવા મુંબઈમાં રહેતા બાળકોને જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો પર વિચાર કરવાની તક મળે છે. હું બાલવિભાગની સફળતા ઈચ્છુ છું, આત્મધર્મમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબ નીચે આપું છું.

વિશ્વ છદ્રવ્યનોનું બનેલું છે. ( ૧ ) જીવ, ( ૨ ) પુદ્ગલ, ( ૩ ) ધર્માસ્તીકાય, ( ૪ ) અધર્માસ્તીકાય, ( ૫ ) આકાશ ( ૬ ) કાળ.

**જવાબ. ૧.** છ દ્રવ્યોમાંથી જેનામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે વિશેષ ગુણો છે ‘તે જીવ છે.’ જીવ અરૂપી છે. જીવ જ છ એ દ્રવ્યોને પ્રસિદ્ધ કરે છે. જો જીવ ન હોત તો છ દ્રવ્યોને જાણત કોણ? તેથી જીવ એક ઉત્તમ પદાર્થ છે. જેમ કે હું એક જીવદ્રવ્ય છું.

**જવાબ. ૨.** જીવ સિવાયના બાકીના જે પાંચ દ્રવ્યો છે તેને ‘અજીવ’ કહેવામાં આવે છે. તેમનામાં જ્ઞાન, દર્શન વગેરે ગુણો નથી. ‘પુદ્ગલદ્રવ્ય’ તે રૂપી દ્રવ્ય છે. તેનામાં સ્પર્શ રસ, ગંધ, વર્ણ વગેરે ગુણો છે. જેમકે શરીર, પેન, કાગળ વગેરે ‘ધર્માસ્તીકાય’ જ્યારે જીવ અને પુદ્ગલ સ્વયં પોતાની યોગ્યતાનુસાર ગતિ કરે ત્યારે નિમિત્ત બને છે. તે એક અરૂપી દ્રવ્ય છે. તેનામાં ગતિહેતુત્વ નામનો વિશેષ ગુણ છે.

**‘અધર્માસ્તીકાય’** જ્યારે જીવ અને પુદ્ગલ ગતિપૂર્વક સ્થિતિ કરે ત્યારે ઉદાસીન નિમિત્ત બને છે. તે પણ અરૂપી દ્રવ્ય છે. તેનામાં સ્થિતિહેતુત્વ નામનો વિશેષ ગુણ છે. ‘આકાશ’ ના બે ભેદ છે. તે અરૂપીદ્રવ્ય છે તેનામાં અવગાહનહેતુત્વ નામનો વિશેષગુણ છે. ‘કાળદ્રવ્ય’ સ્વયં પરિણમતા છદ્રવ્યોને પરિણમવામાં નિમિત્ત બને છે. તેનામાં પરિણમનહેતુત્વ નામનો વિશેષગુણ છે. તે પણ અરૂપીદ્રવ્ય છે.

**જવાબ ૩**. આ અવસર્પીણીની ચોવીશીના પ્રથમ તિર્થંકર ‘વૃષભદેવ’ ભગવાન હતા અને છેલ્લા ચોવીસમાં તિર્થંકર **‘મહાવીર’** ભગવાન હતા. લી. ભરત ખીમચંદ સભ્ય નં. ૬.

**યોગેશકુમાર જૈન (અમદાવાદ)** : તમે ધર્મની ભાવના લખી તે બદલ ધન્યવાદ! તમારી ભાવનાઓ સફળ થાવ! મોટા થાવ ત્યારે આ ભાવના ભૂલી ન જશો હો! (આ ભાવના બાળપોથીમાં છે, એટલે અહીં નહિ છપાય.)

**તરૂણાબેન (અમદાવાદ)** : પોતાની બેનપણી વાસંતીબેન ઉપર લખે છે કે–તમે જે ૧ થી ૧૦ સુધી પાઠ શીખવવાના છો, તો હું પણ નીચે પ્રમાણે ૧ થી ૧૦ સુધીના અંક વિષે લખી મોકલું છું.

૧ એક કહે છે કે એક અખંડ આત્માનો વિશ્વાસ કર.

૨ બે કહે છે કે સ્વ–પર બંનેનું ભેદવિજ્ઞાન કર.

૩ ત્રણ કહે છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણને પ્રાપ્ત કર.

૪ ચાર કહે છે કે અનંત જ્ઞાન–દર્શન–સુખ–બળ એ ચાર પ્રગટ કર.

૫ પાંચ કહે છે કે પંચાચારનું પાલન કરી મોક્ષને પામ.

૬ છ કહે છે કે છ દ્રવ્યનું સ્વરૂપ જાણ.

૭ સાત કહે છે કે સાતતત્ત્વનું સ્વરૂપ જાણીને સાત પ્રકૃતિનો ક્ષય કર.

૮ આઠ કહે છે કે સિદ્ધના આઠ ગુણ પ્રગટ કર.

૯ નવ કહે છે કે નવ પદાર્થને ઓળખીને નવલબ્ધિ પ્રગટ કર.

૧૦ દશ કહે છે કે દશધર્મને ધારણ કરીને આત્માનું ધ્યાન ધર.

(બેન, તમારા એકથી દશાના અંક અમને ગમ્યા, તેથી અહીં આપ્યા છે. હવે આગળ પણ ૧૧ થી ૧૦૦ સુધી લખી મોકલજે. ધન્યવાદ!) – સં)

## ત્રણ પ્રશ્નોના ટૂંકા જવાબ

( ૧ ) જીવ કોને કહેવાય ? જે જાણે તે જીવ; અથવા જેનામાં જ્ઞાન હોય તે જીવ.

( ૨ ) અજીવ કોને કહેવાય ? જેનામાં જ્ઞાન નથી, જે કાંઈ જાણતું નથી તે અજીવ છે.

( ૩ ) આપણા પહેલા અને છેલ્લા ભગવાનનું નામ શું ? ચોવેસ તીર્થંકરમાંથી પહેલા શ્રી ઋષભદેવ ભગવાન; ને છેલ્લા શ્રી મહાવીર ભગવાન.

લગભગ ૩૦૦ સભ્યોએ જવાબો લખી મોકલ્યા છે; તેમાંથી એકાદ બે સિવાય બધાના જવાબો સાચા છે. આ વખતે તમને પરીક્ષાની તૈયારીમાં રાહત રહે તે માટે નવા પ્રશ્નો નથી પૂછયા.

પ્રશ્નો સંબંધમાં એક ભાઈ લખે છે કે સહેલાને બદલે અઘરા પ્રશ્નો પૂછો; ભાઈ, તમારી જિજ્ઞાસાને હિસાબે તમારી વાત બરાબર છે, પરંતુ આપણા બાલવિભાગના ૫૦૦ સભ્યોમાંથી મોટા ભાગના સાવ નાનકડા છે–જેને હજી લખતાં પણ માંડમાંડ આવડે છે ને છતાં પ્રશ્નોમાં હોંશથી ભાગ લઈ રહ્યા છે. અઘરા પ્રશ્નોથી એવા બાળકોને ઉત્સાહ તૂટી ન જાય ને તેમને આવડે એ આપણે પ્રથમ જોવાનું છે. અને, તમારી બુદ્ધિની કસોટી કરે એવા પ્રશ્નો પણ યોગ્ય સમયે જરૂર આપીશું.

## પાંચ કોયડાનો જવાબ ( પંચપરમેષ્ઠી )

( ૧ ) આકાશમાં વિચરે છે પણ પંખી નથી, દેવ છે પણ એને દેવી નથી;
શરીર છે પણ ખાતા નથી, બોલે છે પણ મોઢું ખોલતા નથી;
ચાલે છે પણ પગલા ભરતા નથી....એ કોણ ? ( અરિહંતદેવ )

( ૨ ) ભગવાન છે પણ બોલતા નથી, બધું જાણે છે પણ આંખ નથી,
કાંઈ આપતા નથી છતાં બધાને ગમે છે, ને આપણને એની પાસે બોલાવે છે;
–એ કોણ ?...... ( સિદ્ધભગવાન )

( ૩ ) શાસ્ત્રો બનાવે છે, ઉપદેશ રૂડો આપે છે;
સાધુથી પણ મોટા છે, કુંદકુંદપ્રભુના જોટા છે...એ કોણ છે ?...... ( આચાર્ય )

( ૪ ) રત્નત્રયના ધારક છે, ભક્તોને ભણાવે છે,
શાસ્ત્રોના અર્થ શીખવે છે, શ્રુતજ્ઞાનના દરિયા છે.....એ કોણ ? ( ઉપાધ્યાય )

( ૫ ) વન જંગલમાં વસે છે, નિજસ્વરૂપને સાધે છે,

રત્નત્રય ધારક છે, પણ ‘આચાર્ય’ નથી........એ કોણ ? ( સાધુ )

નમસ્કાર–મંત્ર બોલતાં આ પાંચે પરમેષ્ઠીના નામ આવડી જાય છે. તેમને આપણા નમસ્કાર હો.

## ગતાંકમાં ચાર વાત શોધી કાઢવાનું પૂછેલ તેના જવાબ

( ૧ ) **પ્રશ્નઃ**- ૨૪ તીર્થંકર ભગવંતોમાંથી અયોધ્યામાં જન્મ્યા હોય ને સમ્મેદ શિખરથી મોક્ષ પામ્યા હોય એવા ભગવંતો કેટલા ને ક્યા ક્યા છે ?

**ઉત્તરઃ**- અયોધ્યામાં જન્મીને સમ્મેદશિખરથી મોક્ષ પામેલા ૪ ભગવંતો છે. અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ અને અનંતનાથ;

* ઋષભદેવ પ્રભુ પણ જોકે અયોધ્યામાં જન્મ્યા છે, પરંતુ તેઓ મોક્ષ સમ્મેદશિખરથી નહિ પણ કૈલાસગિરિથી પામ્યા છે.

* સમ્મેદશિખરથી જો કે વીસ તીર્થંકર મોક્ષ પામ્યા છે પરંતુ તેમાંથી ચાર તીર્થંકરો જ અયોધ્યામાં જન્મ્યા છે. બાકીનાં ૧૬ તીર્થંકરો શ્રાવસ્તી, કોશામ્બી, કાશી, ચંદ્રપુરી, કાકન્દી, ભદ્રિકાનગરી, સિંહપુરી, કમ્પિલાનગરી, રત્નપુરી, હસ્તિનાપુરી, મિથિલા તથા રાજગૃહીમાં જન્મ્યા છે.

( ૨ ) **પ્રશ્નઃ**- ૨૪ તીર્થંકરોમાંથી અયોધ્યામાં જન્મ્યા હોય પણ સમ્મેદશિખરથી મોક્ષ ન પામ્યા હોય એવા તીર્થંકરો કેટલા ને કયા કયા ?

**ઉત્તરઃ**- એક ઋષભદેવ ભગવાન જ એવા છે કે જેઓ અયોધ્યામાં જન્મ્યા છે પણ સમ્મેદશિખરથી મોક્ષ ન પામ્યા.

( ૩ ) **પ્રશ્નઃ**- ૨૪ તીર્થંકરોમાં સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા હોય પણ અયોધ્યામાં જન્મ્યા ન હોય એવા તીર્થંકર કેટલા ને કયા ક્યા ?

**ઉત્તરઃ**- એવા તીર્થંકરો ૧૬ છે. સંભવનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વિમલનાથ, ધર્મનાથ શાંતિનાથ કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત, અને પાર્શ્વનાથ, આ તીર્થંકરો સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા છે પરંતુ અયોધ્યામાં જન્મ્યા નથી, તેમનો જન્મ શ્રાવસ્તી, કૌશમ્બી, કાશી ( ૨ ),

ચંદ્રપુરી, કાકન્દી, ભદ્રિકાનગરી, સિંહપુરી, કમ્પિલાનગર, રત્નપુરી, હસ્તિનાપુરી (૩) મિથિલા (૨), અને રાજગૃહી.

(૪) **પ્રશ્નઃ-** ૨૪ તીર્થંકરોમાંથી અયોધ્યામાં જન્મ્યા ન હોય ને સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા ન હોય એવા ભગવંતો કેટલા ને ક્યા ક્યા?

**ઉત્તરઃ-** એવા તીર્થંકરો ત્રણ છે વાસુપૂજ્ય નેમિનાથ અને વર્દ્ધમાન; તેઓ નથી તો અયોધ્યામાં જન્મ્યા, કે નથી સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા. તેમનો જન્મ અનુક્રમે ચંપાપુરી, શારીપુરી તથા કુંડલપુર (વિશલીયો) માં થયો છે અને મોક્ષ મંદારગિરિ, ગીરનાર તથા પાવાપુરીમાં થયો છે.

અયોધ્યા અને સમ્મેદશિખર એ બંને આપણા શાશ્વત તીર્થ છે. તેની નીચે મૂળ ભૂમિમાં શાશ્વત સાથિયાની કુદરતી રચના છે.

ચોવીસ તીર્થંકરોના ૧૬ જન્મધામને અને પાંચ મોક્ષધામને, એ એકવીસ તીર્થોને નમસ્કાર હો.

## આત્મધર્મના વિકાસ માટે તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | |
|---|---|---|
| ૫૧) | રમણીકલાલ લાલચંદ દોશી | ઘાટકોપર |
| ૨૫) | શેઠ લાલચંદ રૂગનાથ | સુરેન્દ્રનગર |
| ૫૧) | કાંતીલાલ વનેચંદ શાહ | મુંબઈ |
| ૨૫) | મલુકચંદ છોટાલાલ ઝોબાળીયા | સોનગઢ |
| ૫૧) | જગજીવનદાસ ચતુરભાઈ | સુરેન્દ્રનગર |
| ૨૫) | ગુલાબચંદ માણેકચંદ ઝોબાળીયા | સોનગઢ |
| ૨૦૧) | સ્વ. ધારશીભાઈ વીરચંદ હ. જસુમતીબેન | પરનાળાવાળા (બાલવિભાગના સભ્યોને પુસ્તક ભેટ આપવા માટે) |
| ૫૧) | નવનીતલાલ ભુપતલાલ દોશી | ઘાટકોપર |

(વિશેષ આવતા અંકે)

# 卐 'વીતરાગી એકડા 卐

(રાગ અરહિંત તારા પિતા (હાલરડું))

૧ એકડે એક, મોક્ષપદની લેજો ટેક. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૨ બગડે બે, આત્માનો આનંદ લે. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૩ તગડે ત્રણ, મોક્ષ–મારગને તું ભણ. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૪ ચોગડે ચાર, કરજો આતમના વિચાર. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૫ પાંચડે પાંચ, સંત શિક્ષાના પાઠ વાંચ. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૬ છગડે છ, તેનો સ્વભાવ તો છે 'જ્ઞ' મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૭ સાતડે સાત, વિભાવને મારો લાત. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૮ આઠડે આઠ, કરો પુજા અને પાઠ. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.
૯ નવડે નવ, કરશું નહિ હવે ભવ. મારા મિત્રો,
૧૦ એકડે મીંડે દશ, ગુરુ આજ્ઞાને થાઉં વશ. મારા મિત્રો,
આત્મા આનંદનું ધામ છે.

વાસંતીબેન એચ. મહેતા (સભ્ય નં.) સોનગઢ

## 'બાલવિભાગ' ન સભ્ય કેમ થવાય?

ઘણા બાળકો પૂછાવે છે કે–બાલવિભાગના સભ્ય થવા માટે શું કરવાનું હોય? સભ્ય થયા પછી અમારે શું કરવું જોઈએ! તેનો ખુલાસો–

* બાલવિભાગના સભ્યને એટલું જ કરવાનું હોય છે કે નિયમિતપણે 'આત્મધર્મ' વાંચવું ને ધર્મમાં હોંશથી ભાગ લેવો.

* સભ્ય થવા માટે તમારે કોઈ ફી ભરવાની હોતી નથી; માત્ર એક પોસ્ટકાર્ડમાં તમારું નામ, સરનામું, ઉંમર, અભ્યાસ અને જન્મદિવસ–એ પાંચ વિગત લખી મોકલો એટલે બાલવિભાગમાં તમારું નામ છપાઈ જશે. કોઈ કોઈવાર તમને ઈનામ પણ આપીશું. બાળકો કે બાલિકાઓ સૌ સભ્ય થઈ શકે છે.

* બાલવિભાગમાં દર મહિને જે પ્રશ્નો પૂછાય, કોયડા પૂછાય, તેના જવાબો તમારે લખી મોકલવા. તમે જે કાંઈ લખો તે તમારી મેળે ને તમારા હસ્તાક્ષરમાં જ લખવું જોઈએ.

* તમને કાંઈ નવા કોયડા બનાવતાં આવડે કે બીજું કાંઈ ધર્મનું સારૂં લખાણ આવડે તો તમે તે લખીને મોકલી શકો છો. ધર્મને લગતાં કંઈ પ્રશ્ન તમારા મનમાં ઊઠે તો પણ પૂછાવી શકો છો.

ટૂંકમાં એટલું જ કે–નાનપણથી જ તમે ધર્મમાં રસ લ્યો, તમને ધર્મનું નવું નવું જ્ઞાન મળે, આપણા ધર્મના મહાપુરુષોનું જીવનચરિત્ર તમે ઓળખો, તમારો ધાર્મિક ઉત્સાહ વધે ને ઊંચા સંસ્કારો વડે તમારું જીવન ઉજ્વળ બને, તથા ઘર ઘરમાં ધર્મનું વાતાવરણ પ્રસરે–તે માટે આપણો બાલવિભાગ છે. તેમાં તમે સો હોંશથી ભાગ લ્યો, અને બાલવિભાગના બધા સભ્યો એકબીજાને પોતાના ભાઈ ગણીને (કે બહેન ગણીને) અરસપરસ સગા ભાઈ–બહેન જેવો પ્રેમ અને વાત્સલ્ય ભાવ ભાવ રાખો–એમ ઈચ્છું છું.

લી. તમારો ભાઈ બ્ર. હ. જૈન

卐

## ઉત્સવ રંગ વધામણા

પચીસ વર્ષ પહેલાંનો એ પ્રતિષ્ઠામહોત્સવ નજરે નીહાળતા ભાગ્યવંત થયેલા ભક્તજનોને તે વખતના ઉલ્લાસનું વર્ણન કરતાં આજે પણ તૃપ્તિ થતી નથી અને અતિ પ્રમોદિત થતાં કહે છે કે ‘અહો, શું કહીએ ? એ વખતે તો પહેલી જ વખત પ્રતિષ્ઠાનો મહોત્સવ.....જીવનમાં કદી નહિ જોયેલ ભગવાનના ભેટા...અને તેમાંય વળી મૂળનાયકપણે સીમંધર ભગવાન ! એટલે પછી ઉલ્લાસમાં શું બાકી રહે !




**( લેખાંક ૧૦ )**

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય દશપ્રશ્ન દશ ઉત્તરનો આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચાઓમાંથી તેમજ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે. -સં**

***

**( ૯૧ ) પ્રશ્નઃ-** આત્મા શરીર વગરનો હોય ?

**ઉત્તરઃ-** હા, આત્મા સદાય શરીર વગરનો જ છે. આત્મા પોતાના ગુણ–પર્યાય વગરનો તો કદી ન હોય; ને પરના ગુણ–પર્યાયવાળો કદી ન હોય. શરીર એ તો પુદ્‌ગલોની પર્યાય છે, તે કાંઈ આત્માની પર્યાય નથી. પરના એક પણ ગુણ–પર્યાય આત્મામાં નથી એટલે આત્મા સદાય શરીર વગરનો જ છે. આત્માના ગુણ–પર્યાયો આત્મામાં, ને જડના ગુણ–પર્યાયો જડમાં. આ રીતે દરેક વસ્તુ સદા પોતાના ગુણ–પર્યાય સહિત છે. અત્યારે પણ આત્મા શરીરસહિત નથી, આત્મા જ્ઞાનસહિત છે.

卐

**( ૯૨ ) પ્રશ્નઃ-** આત્મા ક્યાં છે ? આત્માને ક્યાં શોધવો ?

**ઉત્તરઃ-** આત્મા પોતાના ગુણ–પર્યાયમાં છે; પોતાના ગુણપર્યાયમાં આત્માને શોધવો. ગુણ–પર્યાયથી બહાર શોધે તો આત્મા મળે નહિ; કેમકે ગુણ–પર્યાયથી બહાર આત્મા રહેતો નથી.

卐

**( ૯૩ ) પ્રશ્નઃ-** બંધ મોક્ષનાં કારણો શું છે ? શરીરની ક્રિયાથી બંધ–મોક્ષ છે કે નહીં ? શુભરાગ મોક્ષનું કારણ છે કે નહીં ?

**ઉત્તરઃ-** બંધનાં પાંચ કારણો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ–કહ્યાં છે, પણ શરીરાદિ જડને તો ક્યાંય બંધનું કારણ કહ્યું નથી; એ જ રીતે, મોક્ષનું કારણ વર્ણવતાં 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર' ને જ મોક્ષમાર્ગ કહ્યો છે, એ સિવાય જડની કોઈ ક્રિયાને તો મોક્ષમાર્ગ કહ્યો નથી; તેમજ શુભરાગ ઉદયભાવ છે તેને પણ મોક્ષમાર્ગ કહ્યો નથી. આ રીતે આત્માના ઊંધા કે સવળા ભાવ જ બંધ કે મોક્ષનું કારણ છે; શરીરની ક્રિયા વગેરે પરદ્રવ્ય આત્માને બંધનું કે મોક્ષનું કારણ નથી; શુભરાગાદિ ઉદયભાવ તે પણ મોક્ષનું કારણ નથી.

卐

**( ૯૪ ) પ્રશ્નઃ-** સ્વઘરમાં પ્રવેશ થતાં શું થાય ?

**ઉત્તરઃ-** સમ્યક્ત્વરૂપી દરવાજા વડે હું મારા સ્વરૂપ–ઘરમાં પ્રવેશ કરું ત્યાં પરમ આનંદનો અનુભવ છે ને અચિંત્ય નિજનિધાનની પ્રાપ્તિ છે. સ્વઘરમાં પ્રવેશ વગર સુખ થાય નહિ. સ્વઘરની બહાર પરભાવોમાં કદી કિંચિત્ સુખ મળે નહિ. હે જીવ ! અચિંત્યવૈભવથી ભરેલું તારું ઘર સન્તો તને બતાવે છે, તું સમ્યક્શ્રદ્ધારૂપી દરવાજા વડે તેમાં પ્રવેશ કર....તને પરમ આનંદ થશે.

**( ૯૫ ) પ્રશ્નઃ-** આત્માના આનંદનો રસ કેવો છે ?

**ઉત્તરઃ-** ચૈતન્યના આનંદના રસ પાસે ધર્મી જીવને જગતના બધા વિષયોમાંથી રસ ઊડી ગયો છે; અજ્ઞાની પોતાના શાંત અનાકુળ ચૈતન્યરસના આનંદ–સ્વાદને ભૂલીને બાહ્યવિષયોમાં સુખ માનીને લયલીન થયો છે; રાગની રમતમાં તે આત્માના વૈભવને લૂંટાવી નાંખે છે. ભાઈ ! ચૈતન્યના આનંદમાં કેવી મજા છે ! તે તો એકવાર જો. અહા, ચૈતન્યના આનંદની મજા !–જેની જગતમાં અજ્ઞાનીને ખબર પણ નથી;–રાગવડે જે લક્ષગત થઈ શકતો નથી;–આવો આનંદ તારામાં જ ભરેલો છે, તેનો તું રસિલો થા....ને જગતનો રસ છોડ.

卐

**( ૯૬ ) પ્રશ્નઃ-** ધર્માત્માની અનુભૂતિ કેવી છે ?

**ઉત્તરઃ-** ધર્મી સ્વસન્મુખ પરિણામ વડે શુદ્ધાત્માને અનુભવે છે; તે વર્તમાન પરિણામમાં તેને ભૂતકાળની અશુદ્ધતાનું પ્રતિક્રમણ વર્તે છે, તે જ પરિણામમાં વર્તમાન અશુદ્ધતાના અભાવરૂપ આલોચના છે ને તે જ પરિણામમાં ભવિ–

ષ્યની અશુદ્ધતાનું પ્રત્યાખ્યાન છે આમ સ્વસન્મુખ અનુભવમાં એકાગ્ર થયેલા એક સમયના પરિણામમાં ત્રણકાળની અશુદ્ધતાનો ત્યાગ વર્તે છે, ને ત્રિકાળી શુદ્ધસ્વભાવનું તેમાં ગ્રહણ છે. –આવો શુદ્ધાત્માનો અનુભવ સમ્યગ્દ્રષ્ટિને હોય છે. તે અનુભવને જ્ઞાનચેતના કહે છે. આ જ્ઞાનચેતનામાં આઠે કર્મોનો ને તેનાં ફળનો અભાવ છે. જ્ઞાનચેતનાએ અંતરમાં શુદ્ધાત્માને જોયો છે ને તે તરફ તે વળી છે. એટલે તેમાં જ એકતા કરીને 'આ હું' એમ શુદ્ધાત્માને હું–પણે ચેતે છે, 'વિકાર તે હું' એમ તે જ્ઞાનચેતના અનુભવતી નથી.–આથી ધર્માત્માની અનુભૂતિ હોય છે. શુદ્ધસ્વભાવને સ્પર્શતી ને પરભાવને પૃથક્ રાખતી ધર્માત્માની આવી અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે.

卐

( ૯૭ ) **પ્રશ્નઃ**- આ શરીર આત્માને રાગદ્વેષ કરાવે છે–એ વાત સાચી ?

**ઉત્તરઃ**- ના; કોઈ પણ પરદ્રવ્ય આત્માને રાગદ્વેષ કરાવે નહિ. શરીર તો આત્માને રાગદ્વેષ નથી કરાવતું, ને મોહાદિ દ્રવ્યકર્મ પણ આત્માને રાગદ્વેષ કરાવતું નથી; પોતાની પરિણામશક્તિથી વિભાવમાં પરિણમતું જીવદ્રવ્ય પોતે જ રાગદ્વેષરૂપે પરિણમે છે; પોતે સ્વયં વિભાવરૂપ ન પરિણમે તો પરદ્રવ્ય કાંઈ બળાત્કારથી જીવને રાગાદિરૂપે પરિણમાવતું નથી. જીવની ત્રિકાળી શક્તિમાં વિકાર નથી એટલે વિકાર કરવાનો સ્વભાવ નથી, પણ પર્યાયમાં તો પોતાના પરિણામની શક્તિથી જ વિકારરૂપે પરિણમે છે. આ વિકાર પરિણામની શક્તિ પર્યાયપૂરતી એકેક સમયની છે. તે વિકાર નથી તો શુદ્ધ શક્તિમાંથી આવ્યો, કે નથી પરદ્રવ્યે કરાવ્યો; તે–તે સમયની પર્યાયમાં તેવી પરિણામશક્તિથી વિકાર થયો છે–એમ જાણવું.

卐

( ૯૮ ) **પ્રશ્નઃ**- વિકાર પોતાની પર્યાયમાં તે સમયની પરિણામશક્તિથી જ થાય છે. એમ જાણવાથી શું ફાયદો ?

**ઉત્તરઃ**- પ્રથમ તો પરદ્રવ્ય વિકાર ન કરાવે, એટલ પરદ્રવ્ય મને રાગદ્વેષ કરાવે એવી મિથ્યાબુદ્ધિ છૂટી જાય છે; તથા વિકાર શુદ્ધસ્વભાવશક્તિમાં નથી પણ પર્યાયની તેવી લાયકાતથી છે, એટલે, વિકાર જેટલો જ હું એવી પર્યાયબુદ્ધિ છૂટી જાય છે, વિકારના કાળે પણ વિકારથી પાર એવું પોતાનું શુદ્ધતત્ત્વ દ્રષ્ટિમાં રહ્યા કરે છે; આ રીતે શુદ્ધસ્વભાવની સન્મુખતાથી સમ્યક્ત્વાદિનું પરિણમન થયા કરે છે,–એ અપૂર્વ લાભ છે. ને જે પરદ્રવ્ય વિકાર કરાવે

એમ માને, કે પર્યાયની અશુદ્ધતા જેટલો જ આખો આત્મા માને તેને રાગરહિત શુદ્ધતત્ત્વના અનુભવનો કે રાગ–દ્વેષ ટાળવાનો અવકાશ રહેતો નથી.

卐

( ૯૯ ) **પ્રશ્નઃ**- સર્વજ્ઞની સાચી પ્રશંસા–મહિમા કઈ રીતે થાય ?

**ઉત્તરઃ**- સર્વજ્ઞદેવનું સ્વરૂપ જેવું છે તેવું બરાબર ઓળખવું તેમાં જ તેની સાચી પ્રશંસા છે.

卐

( ૧૦૦ ) **પ્રશ્નઃ**- સર્વજ્ઞદેવની નિંદા કોણ કરે છે ?

**ઉત્તરઃ**- સર્વજ્ઞદેવનું જેવું સ્વરૂપ છે તેવું જે નથી માનતા, ને તેનાથી વિપરીત માને છે તે જીવ સર્વજ્ઞદેવની નિંદા કરે છે અર્થાત્ અવર્ણવાદ કરે છે. સર્વજ્ઞની પ્રશંસા કે મહિમાની તેને ખબર નથી.


* * *

# રાજકોટ


સોનગઢમાં વૈશાખ સુદ બીજનો ૭૭મો જન્મોત્સવ ઉજવાયા બાદ વૈશાખ સુદ ચોથ તા. ૨૪–૪–૬૬ રવિવારે પૂ. ગુરુદેવ રાજકોટ પધારશે ને ત્યાં પંદર દિવસ રોકાઈ વૈશાખ વદ પાંચમ તા. ૯–૫–૬૬ સોમવારે પુનઃ સોનગઢ પધારશે. ત્યારબાદ તા. ૧૫મીથી શિક્ષણ વર્ગ શરૂ થશે.

# વૈશાખ સુદ બીજ

આગામી વૈશાખ સુખ બીજે ગુરુદેવનો ૭૭મો જન્મોત્સવ સોનગઢમાં ઉજવાશે. સોનગઢમાં ગુરુદેવનો જન્મોત્સવ અનેક વર્ષ બાદ ઉજવાતો હોવાથી વિશેષ હર્ષોલ્લાસથી ઉજવાશે. ત્યારબાદ વૈશાખ વદ છઠે સમવસરણપ્રતિષ્ઠાનો મહોત્સવ તથા વૈશાખ વદ આઠમે સમયસારપ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજવાશે.



# ધ્યે ય ને ઢી લું થ વા ન દે



**જે ધ્યેયથી તું નિવૃત્તિપૂર્વક સત્સંગ સેવી રહ્યો છે તે ધ્યેયને તું ભૂલ નહિ**

**તે ધ્યેયને તું ઢીલું થવા ન દે; એટલે કે હે મુમુક્ષુ !**

**તું સમ્યકત્ત્વનો ઉદ્યમ કર,**

મોક્ષરૂપી વૃક્ષનું બીજ સમ્યગ્દર્શન છે; ને સંસારરૂપી વૃક્ષનું બીજ મિથ્યાત્વ છે–એમ ભગવાન જિનદેવે કહ્યું છે. માટે મુમુક્ષુએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અત્યન્ત પ્રયત્ન કર્તવ્ય છે. અરે, સંસારમાં ઘણા ઘણા ભવોમાં સમ્યગ્દર્શન વગર જીવ કુકર્મોથી ભટક્યો, દીર્ઘકાળ વીતવા છતાં પ્રાણી સમ્યગ્દર્શનને ક્યાં પામે છે? સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મહાદુર્લભ છે; માટે હે જીવ ! તું સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પરમ ઉદ્યમ કર.

સમ્યગ્દર્શન ચોથે હોય છે, વ્રત પાંચમે હોય છે. સમ્યગ્દર્શન વગર માત્ર રાગથી પાંચમું ગુણસ્થાન કે ધર્મ માને કે મોક્ષમાર્ગ માને તો તેમાં મિથ્યાત્વનું પોષણ થાય છે; મોક્ષમાર્ગના ક્રમની તેને ખબર નથી. મોક્ષનું બીજ સમ્યગ્દર્શન છે. તેના વગર ધર્મની શરૂઆત થાય નહિ, તેના વિના શ્રાવકપણું કે મુનિપણું હોય નહિ. અરે જીવ ! ધર્મનું સ્વરૂપ શું છે ને મોક્ષમાર્ગનો ક્રમ શું છે–તે પહેલાં જાણ. સમ્યગ્દર્શન વગરના પુણ્ય તેં અનંતવાર કર્યાં છતાં તું સંસારમાં જ રખડયો, ને દુઃખ જ ભોગવ્યાં.

રાગ વગરનો આત્માનો ભૂતાર્થ સ્વભાવ શું છે તેને ઓળખવાથી જ આત્મા સમ્યગ્દ્રષ્ટિ થાય છે; જ્યારથી સમ્યગ્દ્રષ્ટિ થાય ત્યારથી જ મોક્ષમાર્ગી થાય છે. પછી આગળ વધતાં શુદ્ધી અનુસાર પાંચમું–છઠ્ઠું વગેરે ગુણસ્થાનો પ્રગટે છે.

જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં રાગમાં એકતાબુદ્ધિ છે, ત્યાં તો ધર્મ જ નથી; ત્યાં વ્રતાદિ બધું બાલવ્રતાદિ છે. અને તે બાલવ્રતના રાગને ધર્મ માને ત્યાં ‘બકરું કાઢતાં ઉંટીયું પેઠું’ એના જેવું થાય છે–એટલે જરાક અશુભ છોડીને શુભને ધર્મ માનવા ગયો ત્યાં મિથ્યાત્વના મોટા અશુભરૂપી ઊંટીયો પેસી ગયો.

ચોથા કરતાં પાંચમા ગુણસ્થાને સ્વભાવનું વિશેષ અવલંબન છે, ત્યાં અપ્રત્યાખ્યાનસંબંધી ચારે કષાયો છૂટી ગયા છે, ને આનંદ વધી ગયો છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પંચમગુણસ્થાનવર્તી દેડકાને આત્માનો આનંદ વધારે છે. પણ એ દશા સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે–માટે સમ્યગ્દર્શન પ્રાપ્તિનો પરમ પ્રયત્ન કર્તવ્ય છે. આવું સમ્યગ્દર્શન પામીને તેની નિરંતર રક્ષા કરવી.

અરે, ચોરાશીના અવતારમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ છે. રાગાદિ પરિણામ આવે છતાં અંતરની દ્રષ્ટિમાંથી શુદ્ધસ્વભાવ કદી ખસે નહિ; અહીં શ્રાવકના વ્રતનો ઉપદેશ આપશે છતાં તેમાં વ્રતના રાગની મુખ્યતા નથી, મુખ્યતા શુદ્ધસ્વભાવની જ છે. જો તેની મુખ્યતા છૂટીને રાગની મુખ્યતા થઈ જાય તો સમ્યગ્દર્શન પણ ન રહે. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેણે મોક્ષનું ઝાડ આત્મામાં વાવી દીધું. ચોરાશીના અવતારનું બીજ તેણે બાળી નાંખ્યું. માટે હે મુમુક્ષુ! તું આવા સમ્યક્ત્વનો પરમ ઉદ્યમ કર. એના વડે જ તારી સત્સમાગમની સફળતા છે. જે ધ્યેયને તું નિવૃત્તિ લઈને સત્સંગ કરી રહ્યો છે તે ધ્યેયને તું ભૂલ મા....ઢીલું થવા ન દે.

*****

## જૈનદર્શન શિક્ષણ વર્ગ

સોનગઢમાં દરવર્ષની માફક ઉનાળાની રજાઓ દરમિયાન જૈન વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૧૫–૫–૬૬ વૈશાખ વદ ૧૦ (બીજી) ને રવિવારથી શરૂ કરીને તા. ૩–૬–૬૬ જેઠ સુદ ૧૫ ને શુક્રવાર સુધી ચાલશે. શિક્ષણ વર્ગમાં આવવા ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે સૂચના મોકલી દેવી ને ટાઈમસર સોનગઢ આવી જવું. (પોતાનું બેડીંગ સાથે લાવવું)

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ

(સૌરાષ્ટ્ર)

# ચૈત્ર માસના મંગલ દિવસો

(અહીં મંગલદિવસોનો જે ઉલ્લેખ કરવામાં આવે છે તે જિનેન્દ્રપૂજનસંગ્રહના આધારે કરવામાં આવે છે. તિથિ સંબધમાં ક્વચિત પાઠાંતર પણ જોવામાં આવે છે.)

| | | |
|---|---|---|
| ચૈત્ર | સુદ ૧ | મલ્લિનાથ ગર્ભકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૩ | કુંથુનાથ જ્ઞાનકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૫ | અજતિનાથ મોક્ષકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૬ | સંભવનાથ મોક્ષકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૧૧ | સુમતિનાથ જન્મકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૧૧ | સુમતિનાથ દીક્ષાકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૧૧ | સુમતિનાથ તપકલ્યાકણ |
| ચૈત્ર | સુદ ૧૧ | સુમતિનાથ મોક્ષકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૧૧ | અરનાથ મોક્ષકલ્યાણક |
| ચૈત્ર | સુદ ૧૩ | મહાવીર જન્મકલ્યાણક |
| ચૈત્ર | વદ ૨ | પાર્શ્વનાથ ગર્ભકલ્યાણક |
| ચૈત્ર | વદ ૪ | પાર્શ્વનાથ મોક્ષકલ્યાણક |
| ચૈત્ર | વદ ૯ | મુનિસુવ્રતનાથ જ્ઞાનકલ્યાણક |
| ચૈત્ર | વદ ૧૦ | મુનિસુવ્રત જન્મકલ્યાણક |
| ચૈત્ર | વદ ૧૦ | મુનિસુવ્રત તપકલ્યાણક |

## ચૈત્ર સુદ અગિયારસે સુમતિનાથ ભગવાનના ચાર કલ્યાણક

ગતાંકમાં પૂછયું હતું કે ચૈત્રમાસમાં એક ભગવાન જે દિવસે જન્મ્યા, તે જ તિથિએ દીક્ષા લીધી, કેવળજ્ઞાન પણ તે જ તિથિએ પામ્યા ને મોક્ષ પણ તે જ દિવસે સમ્મેદશિખરથી પામ્યા.–એ ભગવાન છે પાંચમા સુમતિનાથ; અને એ દિવસ છે ચૈત્ર સુદ અગિયારસ. આપણે એ દિવસે સુમતિનાથ ભગવાનનું પૂજન કરીશું.




* જામનગરના મુરબ્બી શ્રી વીરજીભાઈ તારાચંદ વકીલ ફાગણ સુદ ત્રીજના દિવસે ૫૯ વર્ષની વયે જામનગરમાં સ્વર્ગવાસ પામી ગયા; છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર હતા ને ગત પોષ માસમાં ગુરુદેવના દર્શનની તેમની ખાસ ભાવનાથી પૂ. ગુરુદેવ જામનગર ચાર દિવસ પધાર્યા હતા; તે વખતે તેમને ઘણો ઉત્સાહ થયો હતો. તેઓ દિગંબર શાસ્ત્રોના સૌરાષ્ટ્રમાં જુના અભ્યાસી હતા, ને ગુરુદેવના પરિચયમાં ઘણા વર્ષોથી આવ્યા હતા. તથા અધ્યાત્મના તેઓ રસિક હતા. સ્વર્ગવાસ અગાઉની થોડી મિનિટો સુધી તેઓ જ્ઞાયક–આત્માનું સ્મરણ કરતા હતા.
* મુંબઈમાં ભાઈશ્રી હિંમતલાલ અમૃતલાલ કામદારના ધર્મપત્ની શ્રી સમતાબેન એકાવન વર્ષની વયે તા. ૧૫–૨–૬૬ ના રોજ ૧૧ાા વાગે એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. અંતિમ દિવસે પણ ૧૦ાા વાગ્યા સુધી તો તેઓ જિનમંદિરે હતા ને સાધર્મી બહેનો સાથે તત્ત્વચર્ચા કરતા હતા. તત્ત્વચર્ચાનો તેમને ઘણો રસ હતો. તેમને નિવૃત્તિપૂર્વક સોનગઢ આવીને રહેવાની ભાવના હતી; તેમજ પોતાના કુટુંબમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરતા હતા. તેઓ અધ્યાત્મપ્રેમમાં આગળ વધીને આત્મહિત સાધે એ જ ભાવના.
* હિંમતનગરના ભાઈશ્રી ડાહ્યાલાલ લીલાચંદ ૪૮ વર્ષની વયે મુંબઈમાં કેન્સરની બિમારીથી તા. ૨૩–૧૨–૬૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા. તાજેતરમાં હિંમતનગરમાં દિ. જિનમંદિરનું જે શિલાન્યાસ થયું તેમાં તેમણે ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમને તત્ત્વનો પ્રેમ હતો વીતરાગી દેવગુરુની છાયામાં તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

***

સવારના પ્રવચનમાં છહઢાળા ( પં. દૌલતરામજી કૃત ) ઉપરનાં પ્રવચનો પૂર્ણ થતાં પૂજ્યપાદ સ્વામી રચિત ઇષ્ટોપદેશ ઉપર પ્રવચનો શરૂ થાય છે. બપોરના પ્રવચનમાં પરમાત્મપ્રકાશ વંચાતું હતું તે પૂર્ણ થતાં, ફાગણ સુદ ત્રીજથી શ્રી નિયમસાર શરૂ થયેલ છે.

# સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનો
# પચીસવર્ષીય રજતજયંતિ મહોત્સવ



સં. ૧૯૯૭ ના ફાગણસુદ બીજે સોનગઢમાં શ્રી સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા થઈ, ને ત્યારથી સોનગઢ સૌરાષ્ટ્રના એક તીર્થધામ તરીકે દિન-પ્રતિદિન વિકસી રહ્યું છે. આ ૨૦૨૨ ના ફાગણ સુદ બીજે પ્રભુજીની પધરામણીના પચીસ વર્ષ પૂર્ણ થતાં જિનમંદિરનો રજતજયંતિ મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. માહ વદ દશમથી શરૂ કરીને ફાગણ સુદ બીજ સુધીના આઠ દિવસનો અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. હંમેશા વિશેષ પૂજન-ભક્તિ ઉપરાંત બાલિકાઓએ દેવગુરુના મહિમા સંબંધી નાટક કર્યું હતું, તેમજ વિધાર્થીગૃહે અકલંક-નિકલંકનું નાટક ( બલિદાન અને પ્રભાવના ) કર્યું હતું.

ઉત્સવ દરમિયાન આઠ દિવસ સુધી ઉમંગભર્યા પૂજન-ભક્તિ કાર્યક્રમો ચાલ્યા હતા. ફાગણ સુદ બીજને દિવસે સવારે અત્યંત ભક્તિભર્યા સમૂહપૂજન વખતે શ્રી કહાનગુરુએ પણ પૂજનમાં ભાગ લીધો હતો. પ્રવચન પછી ભગવાનની રથયાત્રા નીકળી હતી. રજતના રથમાં સીમંધરસ્વામી બિરાજતા હતા; ભવ્ય રથયાત્રામાં પ્રભુના સારથી તરીકે પ્રભુના ભક્ત કહાન બિરાજતા હતા; ને અત્યંત ભક્તિપૂર્વક સૌ ભક્તો રથને ચલાવતા હતા આમ રથયાત્રા ઘણી ઉમંગભરી બની હતી. રથયાત્રા બાદ જિનમંદિરના શિખર ઉપર નવીન ધ્વજારોહણ થયું હતું. આમ આઠ દિવસનો રજતજયંતિ ઉત્સવ આનંદથી ઉજવાયો હતો.

"ફાગણ સુદ ૧૧" પણ આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. એ દિવસે પૂ. ગુરુદેવ મુકુન્દભાઈને ઘેર આહાર માટે પધાર્યા હતા.

# શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ-સોનગઢ

(૧) આ સંસ્થામાં જૈન ધર્મનાકોઈપણ ફીરકાના વિદ્યાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે.

(૨) ગુજરાતી પાંચમાં ધોરણથી એસ. એસ. સી (મેટ્રીક) સુધીના ૧૦ થી ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે.

(૩) માસિક ભોજનનો ચાર્જ પુરી ફીના રૂા. ૨૫) તથા ઓછી ફીના રૂા. ૧૫) લેવામાં આવે છે.

(૪) આગામી વર્ષથી બીજી ટર્મમાં ડીસેમ્બરથી માર્ચ સુધી ચાર માસ માટે વિદ્યાર્થીઓને ટયુશન આપવાની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૫) સંસ્થાનું નવું સત્ર (ટર્મ) તા. ૧૫ મી જુનથી શરૂ થશે.

(૬) દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૨૫ મી એપ્રીલ સુધીમાં પ્રવેશપત્રો અને નિયમો મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના પરિણામ સાથે તા. ૧૫મી મે સુધીમાં મોકલવાં.

**લી મલુકચંદ છોટાલાલ શાહ**

**શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ**

# * ગૃહપતીની જરૂર છે *

આ જૈન વિદ્યાર્થી ગૃહ માટે વિદ્યાર્થીઓ ઉપર બરાબર ધ્યાન રાખી શકે અને તેમને ટયુશન આપી શકે એવા સુશિક્ષિત જૈન ગૃહપતિની જરૂર છે. જે નામું તથા કોઠાર કામના પણ જાણકાર હોવા જોઈએ. પગાર લાયકાત પ્રમાણે આપવામાં આવશે.

રહેવા ઈચ્છતા ઉમેદવાર પોતાના હસ્તાક્ષરમાં શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, ગામ, અપેક્ષિત પગાર વિગેરે દર્શાવી નીચેના સરનામે અરજી કરવી.

અને જ્યારે રૂબરૂ મુલાકાત અર્થે બોલાવવામાં આવે ત્યારે તેણે પોતાના ખર્ચે પ્રમાણપત્રો તથા ભલામણ પત્રો સાથે અહીં હાજર થવું.

**લી. ટ્રસ્ટીઓ તથા મંત્રીઓ**

**શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ સોનગઢ (સૌરાષ્ટ્ર)**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને**
**મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર**